**આજનો સુવિચાર**

કર્મ જ માણસની જીંદગીને પવિત્ર અને અહિંસક બનાવે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૨૫ જૂનાગઢ તા.૦૯-૦૧-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 25, Junagadh : Date : 09 January, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લોસએન્જલસમાં લાગેલી આગ હોલીવુડ સુધી પહોંચી : પાંચના મોત : ૧૦૦૦ ઈમારતો નાશ પામી

## હોલીવુડ સ્ટાર્સના ઘરો સુધી આગ પહોંચી ગઈ : હજારો લોકો ઘર છોડીને ભાગ્યા : ૨.૫ લાખ ઘરોમાં વિજળી ડુલ





વોશિંગ્ટન તા.૯ : અમેરિકાના લોસ એન્જલસના જંગલોમાં ભીષણ આગ ફાટી નીકળી છે જે હવે શહેર તરફ ઝડપથી ફેલાઈ રહી છે. આ ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં પાંચ લોકોના મોત થયા છે. ૭૦ હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ આગથી અત્યાર સુધીમાં એક હજારથી વધુ ઈમારતો પ્રભાવિત થઈ છે. લોસ એન્જલસમાંથી આ અકસ્માતની ભયાનક તસવીરો સામે આવી રહી છે. તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આગના કારણે ઈમારતો બળીને રાખ થઈ ગઈ છે.

ભારે પવનને કારણે લોકોને આગ ઓલવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પવનના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આગની ઘટના પહેલીવાર મંગળવારે (૭ જાન્યુઆરી) ના રોજ સામે આવી હતી, જે અત્યંત ઝડપથી ફેલાઈ રહી છે.

અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જલસ વિસ્તારમાં મંગળવારે પણ ભારે પવનને કારણે જંગલમાં લાગેલી આગ કાબુ બહાર રહી હતી. કેટલીક જગ્યાએ ૯૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા આગ ઝડપથી ફેલાઈ ગઈ. પાંચ લોકોના મોત થયા અને અનેક ઘાયલ થયા. આગમાં એક હજારથી વધુ ઘરો બળીને ખાખ થઈ ગયા છે. હોલીવુડ સ્ટાર્સ સહિત હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ભાગવું પડયું. પડતા તણખાને કારણે, લોકો ગભરાટમાં પોતાના વાહનો છોડીને ચાલ્યા ગયા હતા, લોકો પગપાળા દોડતા જોવા મળ્યા અને રસ્તાઓ જામ થઈ ગયા હતા. બુધવારે લોસ એન્જલસ કાઉન્ટીમાં લગભગ ૨.૫ લાખ ઘરો વીજળી વગરના રહ્યા. પવનની ગતિ પણ વધીને ૧૨૯ કિલોમીટર પ્રતિ કલાક થઈ ગઈ હતી.

લોસ એન્જલસ ફાયર ચીફ ક્રિસ્ટન ક્રોલીએ કહયું કે આપણે હજુ સુધી ભયમાંથી બહાર આવ્યા નથી. હજારો અગ્નિશામકોએ આગને કાબુમાં લીધી હતી. મંગળવારે સાંજે લોસ એન્જલસના ઉત્તરપૂર્વમાં એક પ્રકૃતિ સંરક્ષણ વિસ્તારમાં આગ લાગી હતી અને ઝડપથી ૨,૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી.

## સુરત પોલીસનું ઓપરેશન બોગસ ડોક્ટર : ૩૬ કલાકમાં ૬૪ દરોડા : ૧૪ બોગસ તબીબ ઝડપાયા

સુરત તા.૦૯ સુરત શહેરમાં એક પછી એક બોગસ ડૉક્ટરોના કિસ્સાઓ સામે આવતા સુરત પોલીસે ડિગ્રી વગરના ડૉક્ટરની ઓળખ કરી ધરપકડ કરવા માટે ત્રણ જુદા-જુદા વિસ્તારોમાં ૩૬ કલાકનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ૬૪ જેટલાં સ્થળોએ તપાસ કરતાં ૩ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૪ જેટલા બોગસ ડોક્ટર મળી આવ્યા, જે કાં તો બીજા ડૉક્ટરની ડિગ્રી પર કાં તો બાયોમેડિકલ વેસ્ટ નિકાલના સર્ટિફિકેટ પર પ્રેક્ટિસ કરતા હતા. પોલીસે હાલ આરોપીઓની ધરપકડ કરી કિલનિકમાંથી અલગ-અલગ દવાઓનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં હાડ થીજાવતી ઠંડી ૩ ડીગ્રી તાપમાન સાથે નલીયા રાજયનું સૌથી ઠંડુ શહેર

## આગામી પાંચ દિવસ હજુ પણ શીતલહેર ચાલુ રહેશે : રાજકોટમાં સીઝનમાં સૌપ્રથમવાર ૭.૩ ડીગ્રી તાપમાન નોંધાયુ

અમદાવાદ તા.૯ ઉત્તર ભારતમાંથી આવતા બર્ફિલા પવનો સક્રિય થવાના કારણે ગુજરાતમાં કડકડકતી ઠંડીનું મોજું ફરી વળ્યું છે. કચ્છમાં છેલ્લા બે દિવસથી આકરી ઠંડી પડી રહી છે. ભુજના નલિયામાં તો તાપમાનનો પારો માત્ર ૩ ડિગ્રી પર પહોંચી ગયો છે. તો રાજકોટમાં પણ ઠંડીએ ભુક્કા બોલાવ્યાં છે. છેલ્લા દશ વર્ષમાં પહેલી વખત લઘુત્તમ તાપમાન ૭.૩ ડિગ્રીએ પહોંચ્યું છે. જો હજુ ઠંડીમાં વધારો થશે તો ૨૦૧૪નો રેકોર્ડ તૂટે શકે છે. હાલમાં સૌરાષ્ટ્ર-કચ્છની હાડ થીજાવતી ઠંડીથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં આકરી ઠંડી યથાવત રહેશે તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં આજે પણ કાતિલ ઠંડીનું આક્રમણ યથાવત રહેવા પામ્યુ હતું અને હાડ ધ્રુજાવતી ઠંડી જારી રહેવા પામી હતી. દરમ્યાન આજરોજ રાજકોટ સહિત રાજયમાં ૮ સ્થળોએ સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાવા પામ્યુ હતું. આજરોજ સવારે રાજકોટમાં ૭.૩, પોરબંદર ૯.૬, અમરેલીમાં ૮.૪, વડોદરામાં ૯.૨ અને ડિસામાં ૯.૮ અને જામનગરમાં ૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા લોકો ધ્રુજી ગયા હતા. નીચુ તાપમાન અને બર્ફીલો પવન બંને એક સાથે રહેતા લોકો હિમપ્રદેશ જેવું વાતાવરણ અનુભવી રહ્યા છે.

# રજીસ્ટર્ડ દસ્તાવેજ થયા બાદ જ માલિકી હક્ક માન્ય ગણાય : સુપ્રિમ કોર્ટનો દુરોગામી ચુકાદો

નવી દિલ્હી તા.૯ સ્થાવર મિલકતનાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ન થાય ત્યાં સુધી તેના માલિકી અધિકાર ટ્રાન્સફર થતા નહીં હોવાનો અત્યંત મહત્વનો ચુકાદો સુપ્રિમ કોર્ટે આપ્યો છે. સંપતિનો સાથ લઈ લેવા કે સોંપી દેવા અથવા તે પેટેના નાણાંકીય વ્યવહારો કરી લેવાથી જ માલિકી હકક ટ્રાન્સફર થઈ જતો નથી.

સુપ્રિમ કોર્ટનાં જસ્ટીસ વી.વી.નાગરત્નાના નેતૃત્વ હેઠળની બેંચે આપેલા ચુકાદામાં સ્પષ્ટ કર્યુ હતું કે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ૧૮૮-૨ની કલમ ૫૪ ની જોગવાઈ અનુસાર ર૪ીસ્ટડ વેચાણ દસ્તાવેજનાં આધારે જ સ્થાવર મિલકતનો માલિકી હકક ટ્રાન્સફર થઈ શકે છે.

આ જોગવાઈમાં સ્પષ્ટ છે કે ૧૦૦ રૂપિયા અથવા તેથી વધુની કિંમતની સ્થાવર સંપતિનું વેચાણ ત્યારે જ માન્ય ગણવામાં આવશે જયારે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની તેની પ્રક્રિયા કરવામાં આવી હોય.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે જયાં વેચાણ દસ્તાવેજ ર૪ીસ્ટડ કરાવવાની જરૂર હોય ત્યાં આ પ્રક્રિયાઓ અર્થાત ર૪ીસ્ટડ વેંચાણ દસ્તાવેજ-પૂર્ણ ન થાય ત્યાં સુધી માલિકી હકક ટ્રાન્સફર થતો નથી ભલે સંબંધીત પાર્ટી દ્વારા મિલકતનો કબ્જો સોંપી દેવાયો હોય અથવા લઈ લેવાયો હોય કે પછી તે પેટે નાણાંકીય વ્યવહાર પણ કરી લેવામા આવ્યા હોય રજીસ્ટર્ડ દસ્તાવેજ થયા પછી જ માલિકી હકક ટ્રાન્સફર થઈ શકે છે.

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::
મો. ૯૬૦૧૨ ૭૨૯૬૫

## વિશ્વમાં સીંગાપુરનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી : ભારતનો ૮૫મો ક્રમ

લંડન, તા.૯: ૨૦૨૫ ના પહેલા ૬ મહિના માટે વિશ્વના સૌથી શકતિશાળી પાસપોર્ટનું રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે. તે પ્રતિષ્ઠિત સંસ્થા હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ ઈન્ડેક્સ પાસપોર્ટને તેના પાસપોર્ટ ધારક કેટલા દેશોની મુલાકાત અગાઉના વિઝા વિના લઈ શકે છે તેના આધારે ક્રમ આપે છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેકસ અનુસાર, સિંગાપોરનો પાસપોર્ટ વિશ્વનો સૌથી શકતિશાળી પાસપોર્ટ છે, જે તેના ધારકને વિશ્વના ૧૯૫ દેશોમાં વિઝા મુક્ત મુસાફરી કરવાની મંજૂરી આપે છે. આમાં ભારત અને પડોશી દેશ પાકિસ્તાનનું રેન્કિંગ પણ આપવામાં આવ્યું છે. જાપાન બીજા ક્રમનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવે છે. વિશ્વના સૌથી શકતિશાળી પાસપોર્ટની દ્રષ્ટિએ જાપાનનો પાસપોર્ટ વિશ્વમાં બીજા ક્રમે છે. જાપાની પાસપોર્ટ ૧૯૩ દેશોમાં વિઝા મુક્ત મુસાફરીની મંજૂરી આપે છે. દક્ષિણ કોરિયા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, સ્પેન અને ફિનલેન્ડ સંયુક્ત રીતે ત્રીજા સ્થાને છે. તેમના પાસપોર્ટ પર ૧૯૨ દેશોમાં વિઝા મુક્ત પ્રવેશ મળે છે. જ્યારે ભારતના પાસપોર્ટનો આ યાદીમાં ૮૫ મો નંબર છે.

# તિરૂપતીમાં દુર્ઘટના બાદ મંદિર તંત્ર એલર્ટ હવે ટોકન માટે ૯૦ કાઉન્ટર ખોલાયા

તિરુપતિ,તા.૯ વૈકુંઠ એકાદસીના તહેવાર નિમિત્તે શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં દર્શન માટે મફત ટોકનનું વિતરણ કરવા માટે તિરુપતિના આઠ કેન્દ્રો પર નેવું કાઉન્ટર સ્થાપવામાં આવ્યાં છે અને મોટી ભીડનું સંચાલન કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ટોકન એકત્ર કરવા હજારો લોકો ભેગાં થયાં ત્યારે નાસભાગમાં ગતરાત્રે ૬ લોકો માર્યા ગયાં હતાં. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના ચેરમેન બી. આર. નાયડુએ જણાવ્યું હતું કે, ભક્તોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને શુક્રવારથી યોજાનાર વૈકુંઠ દ્વાર દર્શનના ૧૦ દિવસ માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે.

# અમરેલીમાં પાટીદાર યુવતિને માર મારનાર પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે પરેશ ધાનાણી દ્વારા આજે સવારથી ૨૪ કલાકના અનશન




અમરેલી,તા.૯ અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ પાટીદાર યુવતિ સહિતનાઓ સામે ખોટી પોલીસ ફરિયાદ કરી અને માર મારવા સહિતના મુદાઓને લઈ બે દિવસ પહેલાં પ્રેસ કોન્ફરસ યોજી પીડિત યુવતીએ કરેલ માંગણી મુજબ યુવતીને માર માર મારનારા પોલીસ અધિકારી તથા પોલીસ કર્મીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરી પીડિત યુવતીને ન્યાય આપવા અલ્ટીમેટમ આપ્યું હતું. જે અલ્ટીમેટમનો સમય ગઈકાલે પુર્ણ થતાં અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણી આજથી શાસકો સામે રાજકીય, સામાજિક અને કાયદાકીય લડત શરૂ કરી છે. આજે સવારે ૧૦ વાગ્યાથી અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણી અમરેલીના ડો.જીવરાજ મહેતા ચોકમાં ૨૪ કલાક સુધી ભૂખ્યા પેટે એક દિવસના ધરણા ઉપર બેસી ગયા છે. તેઓ સતત ૨૪ કલાક એટલે કે આવતીકાલ સવાર સુધી ધરણા કરી રહ્યા છે.

# હશમની કેસમાં સજા પર તાત્કાલીક રોક લગાવવાની માંગણી સાથે ટ્રમ્પ સુપ્રિમ કોર્ટ પહોંચ્યા

ન્યુયોર્ક તા.૦૯: ગત વર્ષે નવેમ્બર મહિનામાં થયેલી ચૂંટણીમાં અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ અગામી ૨૦ જાન્યુઆરીના રોજ પદભાર સાંભળવાના છે. ટ્રમ્પ સામે ચાલી રહેલા કેટલાક કેસ તેમની છબી પર કલંક સમાન છે, એવા જ એક કેસ મામલે ટ્રમ્પ અમેરિકાની સુપ્રીમ કોર્ટના શરણે પહોંચ્યા છે. એક એડલ્ટ ફિલ્મ સ્ટારને ગુપ્ત રીતે પૈસા આપવાના કેસમાં ન્યૂયોર્ક કોર્ટના નિર્ણય સામે ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. ટ્રમ્પના વકીલોએ બુધવારે દેશની ટોચની અદાલતમાં આ અરજી દાખલ કરી હતી. ટ્રમ્પે સુપ્રીમ કોર્ટને અરજી કરી છે કે પોર્નસ્ટારને ચૂપ કરવા માટે પૈસા ચૂકવવાના કેસમાં શુક્રવારે સંભળાવવામાં આવનાર સજા મુલતવી રાખવામાં આવે. ટ્રમ્પના વકીલોએ સજા પર તાત્કાલિક રોક લગાવવાની વિનંતી કરી છે, કારણ કે તેનાથી રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળવાની તેમની તૈયારીઓમાં અવરોધ આવી શકે છે.

હાર્દિક શુભેચ્છા...

Ashish Babariya
Mo.94997 51950



**Patel Gold**

Paragon Complex,
M.G. Road, Ranavav Cowk,
JUNAGADH

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

CARE+ LABORATORY

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

માત્ર 749/- કિંમત 2870/-

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

માત્ર 1349/- કિંમત 5050/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**
મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.
સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે, ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.


॥ ઓમ હરિ ॥
**છાશ મસાલો**



છાશ, લીંબુ સરબત, પાણીપુરી તથા ફ્રુટનો સ્પે. મસાલો,
મો. ૯૮૨૫૨ ૧૦૩૪૬
અપ્સરા ફૂડ્સ, મધુરમ, જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
**સીઝન સ્પેશિયલ સિંગતેલ**




ફેકટરી એડ્રેસ :
ગ્રીન - બે ફાર્મ્સ પ્રાઈવેટ લિમિટેડ
સર્વે નં. ૩૫૧, મુ. કણઝડી, તા. વંથલી, જી. જૂનાગઢ
ગુજરાત - ૩૬૨ ૬૧૦
મો. +૯૧ ૯૭૨૭૭ ૭૧૭૦૩

# શાસ્ત્રીય કંઠય સંગીતની સ્વર સામ્રાજ્ઞી ડો. અશ્વિની ભીડેની સ્વર રચનાની ઘનીષ્ઠ ગાયકી અને અલ્લભીય સ્વરકારી સંગતિએ સપ્તસંગીતિના શાસ્ત્રીય કલારસિકો મંત્રમુગ્ધ




**રાજકોટની ઉભરતી કલાકારા કુ. વર્ણા જય સેવકની રાગ મારૂ બિહાગની આલાપ- તાન-બોલતાન અને આકારની સુંદર વણાટની પ્રસ્તુતિએ શ્રોતાઓની સુવર્ણ સરાહના મેળવી : સપ્તસંગીતિ ૨૦૨૫ સંગીત સમારોહના અંતિમ દિવસે તા.૮ જાન્યુ.ના રોજ પદ્મભૂષણ પં. અજય ચક્રબર્તીના કંઠે શાસ્ત્રીય સંગીતના ઠુમરી અંગનો આસ્વાદ માણવા મળશે**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯

નીઓ ફાઉન્ડેશનની સ્થાપના સમયથી અને સપ્તસંગીતિના સુચારુ સંચાલનમાં હંમેશા ડિરેકટર્સનો સહયોગ સાંપડતો રહ્યો છે. તેમજ દરેક પ્રવૃત્તિઓ તેમના આર્થિક ફાળાથી શક્ય બની છે અને હાલમાં પણ તેઓનો સંપૂર્ણ આર્થિક તથા વહીવટી સહયોગ મળતો રહે છે. ત્યારે કાર્યક્રમ છઠ્ઠા દિવસના પેટ્રન જ્યોતિ સી.એન. ઓટોમેશન લી. અને નીઓ રાજકોટ ફાઉન્ડેશનના કાયમી ડિરેકટર શ્રી પરાક્રમસિંહ જાડેજા અને જ્યોતિની ટીમના શ્રી સહદેવ સિંહ, શ્રી વિક્રમસિંહ રાણા, શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી અજયભાઈ વસાવડા, શ્રી હિમાંશુભાઈ સાપરિયા તેમજ આજના શુભેચ્છક શ્રી રઘુભાઈ ચંદ્રાણી પરિવારના સભ્યો, તેમજ અર્જુનભાઈ સૈની, વિનેશમોહન સિન્હાના વરદ હસ્તે દીપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સપ્ત સંગીતિના છઠ્ઠા દિવસે શ્રી વર્ણા જય સેવક દ્વારા શાસ્ત્રીય કંઠય સંગીત રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં તેણી એ રાગ મારુ બિહાગ ખુબ સુદર રીતે પ્રસ્તુત કર્યો હતો. તેની આવડા મોટા મંચ ઉપર પ્રથમ પ્રસ્તુતી હોય ખુબ સુંદર રજુ કરી શ્રોતાઓની સરાહના મેળવી હતી. તેમની સાથે તબલાવાદનમાં તેમના પિતા અને ગુરુ ડો. જય સેવક અને હાર્મોનિયમમાં ડો. કુમાર પંડયા એ સંગત કરી હતી. તેણીએ પ્રથમ પ્રસ્તુતિ રાગ મારૂ બિહાગમાં કરી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા. કાર્યક્રમના બીજા ચરણમાં જયપુર-અતરોલી ઘરાનાના વરિષ્ઠ ગાયિકા અને ભારતના પ્રથમ હરોળના ગાયકોમાં નામના ધરાવનાર ડો. અશ્વિની ભીડે દેશપાંડેનું શાસ્ત્રીય કંઠય સંગીત માણવાનો લાહવો મળ્યો હતો. અત્રે ઉલ્લેખનિય કે ૨૦૧૯ની સાલમાં તેઓ સપ્તસંગીતિના મંચને શોભાયમાન કરી ચુક્યા છે. સુશ્રી અશ્વિની ભીડે એ ખમાજ થાટનો રાગ જીંજોટી પર આધારીત પ્રખ્યાત બંદિશ મહાદેવ શંકર વિલંબીત ઝપતાલમાં આલાપ- તાન- બોલતાન સાથે રજૂ કરી હતી. તથા દ્રુત તિનતાલમાં તરાનો પ્રસ્તુત કર્યો હતો. ત્યારબાદ રાગ નાયકી કાનડામાં પારંપરિક બંદિશ મેરો પિયા રસિયા વિલંબિત અને મધ્યલયમાં તાલ રૂપકમાં રજૂ કર્યો હતો તથા આ રાગમાં બીજી બંદિશ દ્રુત તીનતાલમાં 'નિકસ અલબેલી રંગીલી' નટખટ ભાવવાળી રચના રજૂ કરી સૌની વાહવાહી લીધી હતી. ડો. અશ્વીની ભીડેજીને બંદીશ અને બંદીશની સ્વર રચનાની ઘનીષ્ઠ સમજ હોય તેની દરેક પ્રસ્તુતીમાં સ્વરોની રમત ખુબ સાહજીક જોવા મળતી હતી. તેણીએ કબીરજીનું પ્રખ્યાત ભજન હરી રંગ લાગા ખૂબ ભાવ સાથે રેલાવ્યું હતું. એરી નિર્મોહી કેસા જાદુ ડાલા શબ્દોથી ગુંથેલી ઠુમરી અતી મોહક અંદાજથી રજૂ કરી હતી. સભાના અંત ભાગમાં રાગ ભૈરવીમાં કબીર ભજન કેહી સમજાવું મેં સબજન અંધા રજુ કરી અને કબીરજીની વિચારસરણીને ખુબ સચોટપણે સમજાવી અને કંઠ આપ્યો હતો.આજના કાર્યક્રમમાં તેમની સાથે શ્રી સિધ્ધેશ બિચોલકર હાર્મોનિયમમાં અને શ્રી યતિ ભાગવત એ તબલામાં સાથ આપ્યો હતો. તેમજ પંદર વર્ષથી ડો. અશ્વિનીજી પાસે તાલીમ મેળવી રહેલી રાજકોટની તેમની શિષ્યા કૌશર હાજી અને મેઘા ભટ્ટને તેમની સાથે સ્ટેજ પર સહાયક તરીકે સુર પુરાવાની તક મળી હતી. ત્યારબાદ સર્વે કલાકારોનુ નીઓ રાજકોટ ફાઉન્ડેશનના વોલયન્ટર્સના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરાયું હતુ અને રાજકોટના ઉભરતા કલાકારોનુ ડો. અશ્વિનીજીના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરાયું હતુ. સપ્તસંગીતિની પરંપરા મુજબ રાષ્ટ્રગાન બાદ સભા સમાપ્ત કરવામાં આવી હતી. સપ્તસંગીતિ ૨૦૨૫ સંગીત સમારોહના અંતિમ દિવસે તા. ૦૮ જાન્યુ. ના રોજ પદ્મભૂષણ પં. અજય ચક્રબર્તીના કંઠે શાસ્ત્રીય સંગીતના ઠુમરી અંગનો આસ્વાદ માણવાનો મોકો મળશે. પંડિત શ્રી અજય ચક્રવર્તી પટિયાલા-કસુર ઘરાનાના અધ્યક્ષ ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન સાહેબની ગાયકીનુ પ્રતિનિધિત્વ કરે છે, તે ઉપરાંત તેઓ ભારતના અન્ય મુખ્ય શાસ્ત્રીય ઘરાનાઓ જેમકે ઈન્દોર, દિલ્હી, જયપુર, ગ્વાલિયર, આગ્રા, કિરાના, રામપુર અને દક્ષિણ ભારતના કર્ણાટકી સંગીત જેવા અન્ય ઘરાનાઓની પણ તેઓ સૂક્ષ્મ લાક્ષણિકતાઓ રજૂ કરી જાણે છે. તેમની પ્રારંભીક શિક્ષા તેમના પિતા, સ્વ. શ્રી અજિત કુમાર ચક્રવર્તી, શ્રી પન્નાલાલ સામંતા અને શ્રી કનિદાસ બૈગરી, પાસે લીધા બાદ તેઓ એ મહાન ગુરુ અને પદ્મભૂષણ પંડિત શ્રી જ્ઞાન પ્રકાશ ઘોષ ના શિષ્ય તરીકે સ્વીકૃતિ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ તેમણે આગળની ઘનિષ્ઠ તાલીમ ઉસ્તાદ મુનાવર અલી ખાન (ઉસ્તાદ બડે ગુલામ અલી ખાનના પુત્ર) પાસેથી મેળવી હતી. સપ્તસંગીતિનું મંચ ઉપર વર્ષ ૨૦૧૯ તેમની ગાયકી અને કલા દ્વારા શોભાયમાન થઈ ચૂક્યું છે. તેમની સાથે ભારતના યુવા પેઢીના તબલાવાદકોમા સ્થાન ધરાવનાર શ્રી ઈશાન ઘોષ તબલાસંગત કરશે. તેઓ ૨૦ મી સદીના મહાન તબલાવાદક પંડિત નિખિલ ઘોષજીના પૌત્ર છે. તેમની તબલાની તાલીમ આપના પિતાશ્રી પ્રખ્યાત તબલાવાદક અને સિતારવાદક પંડિત નયન ઘોષ પાસેથી થઈ. તેમનું તૈયારી યુક્ત અને જટિલ લયકારીવાળું પ્રભાવશાળી તબલાવાદન તેમના પિતાશ્રી પાસે થયેલી તાલીમની દેન છે. પં. અજયજી સાથે મુરાદાબાદના સાંગીતિક પરિવારની છઠ્ઠી પેઢીના કલાકાર ઉસ્તાદ મુરાદઅલી ખાન સારંગીવાદન કરશે. તેમણે સારંગીની ગહન તાલીમ તેમના દાદા ઉ.સિદ્દીક અહેમદ ખાન અને પિતાશ્રી ઉ. ગુલામ સાબીર ખાન પાસેથી મેળવી છે. હાલ તેઓ ભારતના શિરમોર સારંગીવાદકોમાં સ્થાન ધરાવે છે. તેમજ શ્રી જ્યોતિર્મય બેનરજી હાર્મોનિયમમાં સાથ આપશે. પંડિતજી સાથે તેમના શિષ્યો શ્રી બ્રજેશ્વર મુખર્જી, મહેર પરાલિકર અને આયેશા મુખર્જી કંઠ પુરાવશે.

## ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આયોજિત 'પ્રાઇડ ઓફ અમદાવાદ' પુરસ્કાર સમારંભ દરમ્યાન વિશાલ ચિરીપાલને સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૯

અમદાવાદમાં પોતાનું વડુંમથક ધરાવતી ટેકસટાઈલ સહિતના વિવિધ ઉદ્યોગો ધરાવતા ઉદ્યોગ સમૂહ ચિરીપાલ ગ્રૂપ માટે ખૂબ જ ગર્વની ક્ષણ આવી છે, કારણ કે, આ ગ્રૂપના પ્રમોટર વિશાલ ચિરીપાલને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા ખૂબ જ પ્રતિષ્ઠિત 'પ્રાઈડ ઓફ અમદાવાદ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા મંગળવારના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન(એએમએ)ના જે. બી. ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવેલા પુરસ્કાર સમારંભ દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિશાલ ચિરીપાલને સન્માનિત કરવામાં આવ્યાં હતા. આ પુરસ્કાર સમારંભમાં માનવતાવાદી ઉમદા કાર્યો અને રક્તદાન સંબંધિત પહેલમાં આપવામાં આવેલા અસાધારણ યોગદાનને બિરદાવવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી - ગુજરાતના ચેરમેન અજયભાઈ પટેલ અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી - અમદાવાદના પ્રેસિડેન્ટ પ્રવીણા ડી. કે.(આઈએએસ) સહિતના પ્રતિષ્ઠિત મહાનુભાવો તથા તેમની સાથે કેટલાક ગણમાન્ય મહેમાનોએ ઉપસ્થિત રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આ કાર્યક્રમમાં શતપતિ રક્તદાતાઓ અને સ્ટાર બ્લડ ડોનર સંસ્થાઓને રક્તદાન મારફતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના જીવનરક્ષક મિશનમાં સમર્થન પૂરૂ પાડવાની મહત્ત્વની ભૂમિકા ભજવવા બદલ વિવિધ કેટેગરીઓમાં સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ચિરીપાલ ગ્રૂપની કંપનીઓમાં કોર્પોરેટ અને સીએસઆર પહેલ મારફતે રક્તદાનને પ્રોત્સાહન આપવા બદલ કોર્પોરેટ કેટેગરીમાં વિશાલ ચિરીપાલને આ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. છેલ્લાં કેટલાક વર્ષોમાં ચિરીપાલ ગ્રૂપે રક્તદાન મારફતે ૫૦,૦૦૦ યુનિટ લોહી એકઠું કરવાની સુવિધા પૂરી પાડી છે. વાસ્તવમાં તો, આ ગ્રૂપના પ્રમોટર બ્રિજ મોહન ચિરીપાલના જન્મદિવસને લોકપરોપકારની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા દર વર્ષે વિશેષ રીતે ઉજવવામાં આવે છે, જેમાં રક્તદાન અભિયાનનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, આ ગ્રૂપ સમયાંતરે રક્તદાન શિબિરોનું આયોજન કરવા માટે રહેણાક સોસાયટીઓની સાથે પણ સહકાર સાધે છે. આ સન્માન અંગે વાત કરતાં શ્રી વિશાલ ચિરીપાલએ જણાવ્યું હતું કે, 'ખૂબ જ પ્રતિષ્ઠિત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે 'પ્રાઈડ ઓફ અમદાવાદ' પુરસ્કાર પ્રાપ્ત કરીને હું ખૂબ જ વિનમ્રતા અને ગર્વની લાગણી અનુભવી રહ્યો છું. આ માન્યતા ફક્ત મારા માટે જ નહીં પરંતુ સમગ્ર ચિરીપાલ ગ્રૂપ માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે, તે સમાજમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા પ્રત્યેની અમારી કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. અમારી કોર્પોરેટ અને સીએસઆર પહેલ મારફતે અમે હંમેશા હકારાત્મક પ્રભાવ પાડવા માટે પ્રયત્નશીલ રહ્યાં છીએ. રક્તદાન મારફતે ૫૦,૦૦૦ યુનિટ લોહીને એકઠું કરવાની સુવિધા પૂરી પાડવી એ અમારા સંકલ્પનું પ્રમાણ છે. રક્તદાન એ જીવ બચાવવા માટે સૌથી સરળ છતાં સૌથી પ્રભાવશાળી માર્ગ છે અને મને એ વાતનો ખૂબ જ ગર્વ છે કે અમારૂ વાર્ષિક રક્તદાન અભિયાન એક અર્થપૂર્ણ પરંપરા બની ગયું છે.' તેમણે આગળ ઉમેર્યું હતું કે, 'હું આ સન્માનને નિઃસ્વાર્થ ઉત્સાહની સાથે આ પહેલને સમર્થન પૂરૂ પાડનારા અસાધારણ દાતાઓ, સહયોગીઓ અને સ્વયંસેવકોને સમર્પિત કરૂ છું. આ માન્યતા અમને અમારા સમુદાયની સુખાકારીમાં યોગદાન આપનારા ઉમદા કાર્યોને ચાલું રાખવા માટે પ્રેરિત કરે છે. અમે દાનના મહાત્મ્યને પ્રોત્સાહન આપવા તથા દરેક વ્યક્તિ અને સંગઠનને આ જીવનરક્ષક મિશનમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા હંમેશા કટિબદ્ધ છીએ.' ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ 'પ્રાઈડ ઓફ અમદાવાદ' પુરસ્કાર સમારંભમાં રાજ્યના આરોગ્ય ક્ષેત્રના ગુમનામ નાયકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## વિસાવદર વીજ કંપનીના પાવરચોરીના દાવામાં માત્ર અઠયાવીસ દિવસમાં જ રકમ ભરવા આદેશ કરતી વિસાવદર કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદરતા.૯

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી.વી.સી.એલ. કંપનીના સબ ડિવિઝન નંબર (૧)ના કાર્યક્ષેત્રમાં આવતા જુદા જુદા ગામના લોકો દ્વારા પોતાના રહેણાંકી મકાને પી.જી.વી.સી.એલ. કંપનીની હળવા દબાણની લાઈનમાં આંકડા મારી પીળા કલરના સર્વિસ વાયરને જોડી પોતાના રહેણાંકી મકાનમાં વીજ વપરાશ કરતા હોય આ બાબતે ઘોડાસણ ગામના ભુપત ગોકળ ખીમાણિયાને ત્યાં વીજ ચેકીંગ કરાતા તેઓ પાવરચોરી કરતા પકડાઈ ગયેલા જેથી તેમની સામે પાવરચોરીનું બિલ મોકલવામાં આવેલ જે પાવરચોરીના વિજબીલની રકમ પ્રતિવાદી દ્વારા વિજકચેરીમાં ભરપાઈ ન કરતા કંપની વતી નાયબ ઈજનેર અમિતકુમાર નાથાભાઈ રાબડીયા દ્વારા વિસાવદર કોર્ટમાં પી.જી.વી.સી.એલ.ના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા તા.૧૦-૧૨-૨૪ના રોજ દાવો દાખલ કરેલ ત્યારબાદ પણ પ્રતિવાદીને રકમ ભરવા તથા સમાધાન માટેની તક આપવા છતાં પ્રતિવાદી કોર્ટમાં હાજર રહેલા નહિ. આ કામમાં ઘણા જ ટૂંકાગાળામાં એટલે કે અઠયાવીસ દિવસ જેટલા સમયમાં તેમની સામેનો દાવા ચાલી જતા વિસાવદર સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા પ્રતિવાદીને દાવાવાળી રકમ તથા તેના ઉપરના ડી.પી.સી. ચાર્જ સહિતની રકમ,વકીલ ફી તથા કોર્ટ ફી સહિતની રકમ ચૂકવવાનો માત્ર અઠયાવીશ દિવસમાં હુકમ કરતા હવે તારીખ પે તારીખનો જમાનો ગયો હોય તે રીતે પાવરચોરી કરી વિજબીલની રકમ વર્ષોસુધી નહિ




ચૂકવતા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે અને કોર્ટોમાં વર્ષોસુધી કેસ ચાલે તેવી માન્યતા ઉપર પડદો પડી ગયેલ છે. આ કામમાં પી.જી.વી.સી.એલ. કંપની તરફથી વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશી રોકાયેલ હતા.

## યાત્રાધામ દ્વારકાના ધીણકી ગામના ઐતિહાસિક ધરોહર સમા પૌરાણિક દરવાજાના નવીનીકરણ માટે રાજયના પ્રવાસન મંત્રીને રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકા તાલુકો એ યાત્રાધામ અને શહેરી વિસ્તાર ઉપરાંત બેતાલીસ ગામડાઓ ધરાવતો હોય ઓખામંડળ પંથકમાં અને જૂના ગાયકવાડ શાસન વખતના અનેક ઐતિહાસિક ધરોહર આજે પણ જોવા મળે છે. એવા જ એક ઐતિહાસિક ધરોહર સમો દ્વારકાના ધીણકી ગામે પૌરાણિક દરવાજો આવેલ છે. આ દરવાજો વર્તમાનમાં જાળવણીના અભાવે હાલ જીર્ણ હાલતમાં હોય આ જર્જરિત બની રહેલી ધરોહર

ગ્રામજનોનો મુખ્ય રસ્તો હોય તેની જાળવણીની તાતી જરૂરીયાત હોય આ અંગે ધીણકી ગામના જાગૃક નાગરીક તથા દ્વારકા તાલુકાના બજરંગ દળના અધ્યક્ષ સનીભા સુમણીયા દ્વારા રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાને આ જર્જરિત બનેલ ઐતિહાસિક ધરોહર અંગે લેખીત રજૂઆત કરવામાં આવી છે. તેમની રજૂઆતમાં જણાવ્યાનુસાર આ ધરોહરની જર્જરિત હાલત અંગે વખતોવખત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં મૌખિક તેમજ લેખીત રજૂઆતો થવા છતાં હજુ સુધી કોઈ નકકર કાર્યવાહી થયેલ નથી. આથી આ ધરોહરને સંરક્ષિત રાખવા પૌરાણિક વારસા સમાન દરવાજાને સરકાર દ્વારા અગ્રતા આપી દરવાજાનું સમારકામ યા તો નવીનીકરણ તાત્કાલીક કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## દ્વારકામાં ૪૦૦ જેટલા દબાણકર્તાઓને નોટીસ બાદ એક-બે દિવસમાં કડક કાર્યવાહીની સંભાવના

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

યાત્રાધામ દ્વારકામાં ચાલતાં અવિરત વિકાસકાર્યોમાં આગામી સમયમાં સરકાર દ્વારકા કોરીડોર મહાત્વાકાંક્ષી પ્રોજેકટ હોય દ્વારકામાં વિવિધ સ્તરે વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહયા છે ત્યારે દ્વારકામાં વખતોવખત ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની કાર્યવાહી પણ પાછલા વર્ષોમાં કરવમાં આવી છે ત્યારે ફરી એકવાર તંત્ર દ્વારા હાથી ગેઈટ સામેના વિસ્તારમાં ૪૦૦ જેટલા આસામીઓને તંત્ર દ્વારા નોટીસ ફટકારાયા બાદ એકાદ બે દિવસમાં ડેપ્યુટી કલેકટર, નગરપાલીકા ચીફ ઓફીસર તથા વહીવટીતંત્ર દ્વારા સંયુકત રીતે કડક કાર્યવાહીરૂપ ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવશે તેવું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

**બેટ દ્વારકામાં પણ ૫૫ આસામીઓને નોટીસ**

યાત્રાધામ દ્વારકાની સાથોસાથ બેટ દ્વારકામાં પણ તંત્ર દ્વારા પંચાવન જેટલા આસામીઓને નોટીસ ફટકારવામાં આવી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તેઓ સાથે જનસુનવણી કરી ડોકયુમેન્ટ વેરીફીકેશન રીમાઈન્ડર નોટીસ વગેરે કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. તે જોતા આગામી દિવસોમાં બેટ દ્વારકામાં પણ કડક કાર્યવાહી થઈ શકે તેવી સંભાવનાઓ જોવાઈ રહી છે.

## સિનિયર ટીવી જર્નાલિસ્ટ અને વાઈલ્ડ લાઈફ સિનેમેટોગ્રાફર હનીફ ખોખરનો આજે જન્મદિવસ



જૂનાગઢ તા.૯

ટેલિવિઝન મીડિયાનું નામ આવે એટલે હનીફ ખોખર ની નોંધ લીધા વિના ચાલે જ નહિ. ગુજરાતના નામાંકિત પત્રકારોમાં મોટી નામના મેળવનાર ટેલિવિઝન જર્નાલિસ્ટ અને વાઈલ્ડલાઈફ ફિલ્મકાર જૂનાગઢના હનીફ ખોખર નો આજે જન્મ દિવસ છે, હનીફ ખોખર એક એવા જમીન ઉપરના પત્રકાર છે જેમણે પત્રકારિતા ની સાથે પર્યાવરણ જતાં અને વન્ય પ્રાણીઓ ના સંરક્ષણ ઉપર અદભુત અને નોંધનીય સેવાઓ પ્રદાન કરી રહ્યા છે, એટલું જ નહિ સામાજિક ક્ષેત્રે પણ ઉમદા સેવાકીય પત્રકારીતા નું દાયિત્વ નિભાવી રહ્યા છે,

૯ જાન્યુઆરી ૧૯૬૮ ના રોજ અમરેલી જિલ્લાના બગસરા ગમે હનીફ ખોખર નો જન્મ થયો હતો, તેઓ ને પહેલે થી જ પત્રકાર બનવાનો શોખ હતો, એટલે તેઓ બાળપણથી સમાચાર ની દુનિયા ને જાણવાનો પ્રયત્ન કરતા હતા અને સમાચાર જગત સાથે એક શ્રોતા જોડાયેલા રહેતા હતા તે વખતે રેડીઓનો જમાનો હતો એટલે ભારત અને વિશ્વના દેશોના રેડિયો સર્વિસ સાંભળવાનો શોખ હતો. અને તેઓ નું સપનું ૨૦૦૦માં સાકાર થયું હતું. ભારત દેશની સૌથી પહેલી ખાનગી ટેલિવિઝન સમાચાર સંસ્થા ઝી ન્યૂઝ જોડાવાનો મોકો મળ્યો અને તે ઓ ટેલિવિઝન જર્નાલિસ્ટ બની ગયા હતા. હનીફ ખોખર મૂળ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને જાદુગર કે લાલની ભૂમિ બગસરા ગામના વાતની છે, પછી તેઓ અમરેલીમાં અને ત્યાર પછી જૂનાગઢમાં સ્થાઈ થયા છે

હનીફ ખોખરે સૌપ્રથમ પ્રસિધ્ધ અખબારો સાથે જોડાઈને પોતાની કામગીરી કરી હતી, જેમાં ૧૯૯૦ અકિલા, ફૂલછાબ જેવા અખબારોમાં પ્રેસ ફોટોગ્રાફર તરીકે ની કારકિર્દી શરૂ કર્યા પછી વર્ષ ૨૦૦૦ થી ઝી ન્યૂઝ સાથે ટેલિવિઝન ન્યૂઝ ચેનલ સાથે કારકિર્દીની શરૂઆત કરી હતી, હંમેશા વાદ વિવાદ થી દૂર રહીને હકારાત્મક પત્રકારિતા કરનાર હનીફ ખોખરે ઝી નેટવર્ક ઉપરાંત ભારત ની અગ્રણી ન્યૂઝ એજન્સી **ANI** (એશિયન ન્યુઝ ઈન્ટરનેશનલ) **PTI** (પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા), ઈન્ડિયા ટીવી, આજતક, એનડીટીવી, **CNN-IBN** સહિતની અગ્રણી ન્યૂઝ ચેનલ સાથે કામ કરી ચુક્યા છે, તેઓ ઘણા સમય થી મ્મ્ઝ અને દૂરદર્શન સાથે કામ કરી રહ્યા છે. હનીફ ખોખરના પિતા રહીમભાઈ ખોખર બગસરામાં રોયલ ફેમિલી માટે ફોટોગ્રાફી કરતા હતાં.અને બ્લેક એન્ડ વ્હાઈટ સ્ટુડિયો ચલાવતા હતા તે વખતે ઈલેક્ટ્રિક ના હોવાથી સૂર્ય પ્રકાશ થી ફોટોગ્રાફી કરતા હતા. હનીફ ખોખર ના તેમના લોહીમાં ફોટોગ્રાફી છે. કોઈ ઘટનાને વિઝ્યુઅલાઈઝ કરવાની આવડત તેમનામાં સહજ છે. હનિફ ખોખર પાસે આજે ગીરના એશિયાઈ સિંહ ના અને જંગલના વીડિયોનું જેટલું કલેકશન છે, તેટલું વિશ્વમાં માં કોઈની પાસે નથી. તેમ નું આંતરરાષ્ટ્રીય કક્ષાનું કામ જોઈને બીજા શહેરમાં સારી નોકરી માટે ઓફરો આવી છે, પણ તે ગીરના સિંહ અને જંગલોને છોડવા નથી માંગતા, તે જંગલ અને જંગલના રાજાને ચાહે છે હનીફ ખોખરના મોટાબાપુ ઉમર ખોખર બર્માના રંગુનમાં રહેતા હતા તે વખતે રંગુનમાં ફોટોગ્રાફી શિખી ને વતન બગસરા માં આવ્યા ત્યારે પિતા રહીમભાઈ ખોખરે તેમની પાસેથી ફોટોગ્રાફી શીખો ને ૧૯૪૫માં બગસરા માં બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો સ્ટુડિયો ની શરૂઆત કરી હતી. આજે હનીફ ખોખર નો જન્મ દિવસ છે ત્યારે તેમના મિત્રો અને શુભેચ્છકો દ્વારા મોબાઈલ નંબર ૯૪૨૬૪ ૫૭૨૬૪ અભિનંદન ની વર્ષા થઈ રહી છે.

# વાહન ચાલકો માંડવાળ ફી ઓનલાઈન ભરપાઈ કરી શકશે

## ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન : વાહન માલિકો ઈ-ચલણની માંડવળ ફી ભરવામાં સુવિધા

જૂનાગઢ, તા.૯

ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન આપવા તથા વાહન માલિક અને ટ્રાન્સપોર્ટરને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી આરટીઓ જૂનાગઢ દ્વારા પીઓએસ ડિવાઈસમાં ક્રેડિટ કાર્ડ ડેબિટ કાર્ડ ઉપરાંત કયુઆર ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે. આમ ગુન્હાહિત વાહનોના માલિક, ચાલક તેઓના ઈ ચલણની માંડવાડ ફી પીઓસ ડિવાઈસ મારફતે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ તથા કયુઆર મારફત ઓનલાઈન નાણા ભરપાઈ કરી શકશે.

વન નેશન વન ચલણથી મેથડ વિકસિત કરેલ ઈ ચલણ સોફ્ટવેર મારફતે ૨૪X૭ રાઉન્ડ એન્ફોર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે. આ ઈ- ચલણ સોફ્ટવેર પીઓએસ ડિવાઈસ મારફતે ગુનાહિત વાહનો સામે કરવામાં ઉપયોગ કરવામાં આવે છે, ઈ -ગવર્નન્સ અને પ્રોત્સાહન આપવા તથા વાહન માલિકોને ટ્રાન્સપોર્ટરોને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી પીઓએસ ડિવાઈસમાં ક્રેડિટ કાર્ડ ડેબિટ કાર્ડ ઉપરાંત ઊઈ કોડની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં બિઝનેસ તથા ઈઝ ઓફ ડુઈંગ બીઝનેશ તથા ઈઝ ઓફ લોજિસ્ટિકને પ્રોત્સાહન આપવા હેતુ મોટર વાહન ખાતા હસ્તકની ચેકપોસ્ટો નાબૂદ કરી ૫૮ ચેક પોઈન્ટસ ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ ૫૮ ચેકપોઈન્ટસ મારફત મોટર વાહન કાયદા અંતર્ગત ૨૪X૭ રાઉન્ડન ધી કલોક એન્ફોર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે. આ એન્ફોર્સમેન્ટની કામગીરી ભારત સરકારના માર્ગ અને પરિવહન હાઈવે મંત્રાલય દ્વારા વન નેશન વન ચલન થીમ હેઠળ વિકસીત કરેલ ઈ ચલણ સોફ્ટવેર મારફતે કરવામાં આવે છે. ઈ ચલણ સોફ્ટવેર પીઓએસ ડિવાઈસ મારફતે ગુનાહિત વાહનો સામે કરવા ઉપયોગ કરવામાં આવે છે. ઈ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા તથા વાહન માલિક અને ટ્રાન્સપોર્ટરને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી પીઓએસ ડિવાઈસમાં ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ ઉપરાંત કયુઆર કોડની સુવિધા શરૂ કરવામાં આવેલ છે. આમ ગુન્હાહિત વાહનોના માલિક, ચાલક તેઓના ઈ ચલણની માંડવાળ ફી પીઓસ ડિવાઈસ મારફતે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ તથા કયુઆર મારફત ઓનલાઈન નાણા ભરપાઈ કરી શકાશે. એમ જૂનાગઢ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા

# કુદરતી કે માનવસર્જીત આપત્તિ અંગે જૂનાગઢ શહેર મામલતદાર કચેરી ખાતે માર્ગદર્શન અપાયું



જૂનાગઢ, તા.૯

જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા જૂનાગઢ શહેર મામલતદાર કચેરી ખાતે આપત્તિ સમયે કેવા પગલા લેવાથી જાનહાનિ અને માલહાનિ નિવારી શકાય ? તે વિશે વધારેમાં વધારે જાગૃતિ ફેલાય તેવા આશયથી તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર ક્રતુભાઈ ત્રિવેદી, ફાયર શાખાના ફાયર સ્ટાફ, તેમજ ૧૦૮ સેવા દ્વારા મામલતદાર કચેરીના કર્મચારીઓને અચાનક આવી પડતી કુદરતી કે માનવસર્જીત આપત્તિ સમયે સ્વબચાવ અને બિજા લોકોને મદદરૂપ થવા તથા આપત્તિ સમયે લેવાના તકેદારીના પગલાં, પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ, લાઈફ જેકેટ, અગ્નિશમન યંત્ર, ૧૦૮ ડેમો જેવા વિવિધ સંશાધનનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન વડે માહિતી આપવામાં આવી હતી.

# બાયોમેડીકલ વેસ્ટ તથા સુકા ભીના કચરા સાથે કચરો આપતા બાલાજી કોમ્પ્લેકસના તબીબ પાસેથી રૂા.૧૫૦૦૦ ચાર્જ વસુલવવામાં આવ્યો

જૂનાગઢ, તા.૯

ડો.ઓમ પ્રકાશ યબક માન.કમિશનરશ્રી મહાનગર પાલિકા,જુનાગઢના માર્ગદર્શન અને ડી.જે.જાડેજા નાયબ કમિશ્નર અને કલ્પેશ ટોલીયા આસી.કમિશ્નર ટેકસ અને સેનીટેશન સુપ્રી.ની સુચના મુજબ શહેરને સ્વચ્છ રાખવા અને સુકા – ભીના કચરાને અને કચરાના પ્રકાર મુજબ સંગ્રહ અને નિકાલ થાય તે અંગેના ચેકીંગ માટે ખાસ સ્કવોડની રચના કરવામાં આવેલ છે.આ સ્કવોડ દવારા કચરાને અલગ અલગ સંગ્રહ ન કરવા અને નિકાલ કરતા તથા જાહેર માં ગંદકી અને પ્રતિબંધીત પ્લાસ્ટીકના ઉપયોગ , વેચાણ અને સંગ્રહ કરતા શહેરીજનો સામે નીયમીત ચેકીંગ હાથ ધરવામાં આવે છે.આજ રોજ ચેકીંગ દરમ્યાન સરદારબાગ રોડ દવારકાધીસ માર્કેટની બાજુમાં ડો.મગનભાઈ ભાંખર 'કિરણ ઈમેજીંગ સેન્ટર'માં ઉત્પન્ન થતો બાયોમેડીકલ વેસ્ટ નો યોગ્ય રીતે નિકાલ કરવાની અવેજી હોસ્પીટલના કામદાર દવારા ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરતા વાહનમાં આપતા આ વિસ્તારના સેનેટરી ઈન્સ.શ્રી હિતેષ જી.પરમાર દવારા પકડીપાડી અને રૂા.૧૫,૦૦૦ ચાર્જ વસુલ કરવામાં આવ્યો.



ડો.ઓમ પ્રકાશ યબક કમિશ્નર મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા શહેરીજનો અને ધંધાર્થી એકમોને અપીલ કરતા જણાવ્યુ કે આપના દવારા ઉત્પન્ન થતો સુકો તથા ભીનો કચરો કચરાના પ્રકાર મુજબ અલગ અલગ ડસ્ટ બીનમાં સંગ્રહ કરવા અને તેજ પ્રમાણે ડોર ટુ ડોરના વાહનને આપવો જો આમ વારંવાર કરવામાં નહિ આવે તો આપનો કચરો સ્વીકરાવામાં આવશે નહિ તેમજ હોસ્પીટલ લેબોરેટરી કે અન્ય મેડીકલ સર્વીસ કે મેડીકલ સેવાકીય એકમો માંથી ઉત્પન્ન થતો બાયોમેડીકલ વેસ્ટને યોગ્ય રીતે નિકાલ કરવાનો રહેશે તેમજ પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ, સંગ્રહ કે વેચાણ કરવા નહિ અન્યથા ગુના મુજબ દંડ વસુલ કરવામાં આવશે તેમજ કોઈ પણ ધંધાના એકમોએ પોતાની જગ્યા બહાર કોઈ પણ પ્રકારની પ્રવૃતી માટે જગ્યા રોકી ગંદકી કરવી નહિ અન્યથા આ પ્રકારની પ્રવૃતી જણાયે સબંધીતો ઉપર દંડનીય કાર્યવાહિ કરવામાં આવશે.

# ગીરના જગલમાં ઝેરી મધમાખીના હુમલામાં ખેડૂતને બચાવતી ૧૦૮ની ટીમ

## મધમાખીના ઝૂંડ વચ્ચે ૧૦૮નાં સાહસિક કર્મીઓએ પી.પી.ઈ. કીટ પહેરી ખેડૂતને રેસ્કયુ કરી એમ્બ્યુલન્સમાં સારવાર અપાવી નવજીવન બક્ષ્યું



જૂનાગઢ, તા. ૯

૧૦૮ માત્ર શહેર કે ગ્રામ્ય વિસ્તાર જ નહીં પરંતુ વનવગડામાં પણ જાનના જોખમે લોકોના જીવ બચાવવામાં ક્યારેય પાછી પાની કર્યા વગર સાહસભેર લોકોને મદદરૂપ બને છે તેનો કિસ્સો આજરોજ જોવા મળ્યો છે.

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના અંતરિયાળ ગામોમાં ઝેરી મધમાખીઓના હુમલા હવે સામાન્ય થઈ ગયા છે ત્યારે, જંગલ વિસ્તારના આવેલ હડમતીયા ગામમાં આજે એક ૭૫ વર્ષીય વૃદ્ધ અન્ય મજૂર સાથે ખેતરમાં કામ કરી રહ્યા હતાં. ત્યારે અચાનાક ઝેરી મધમાખીનો હુમલો તેઓ પર થયો હતો. આ હુમલા થી બચવા માટે મજૂરો ત્યાંથી ભાગી રહ્યા હતા, ત્યારે સાથે કામ કરતાં ૭૫ વર્ષીય વૃદ્ધ અમરસિંહભાઈ વાઘેલા ભાગવા જતા પડી ગયા હતાં. તેઓ પર મોટી સંખ્યામાં ઝેરી મધમાખીઓએ હુમલો કર્યો. આ તકે અન્ય લોકોએ ૧૦૮ ને કોલ કરી એમ્બ્યુલન્સની મદદ માંગી હતી. જેની ગણતરીની મિનિટમાં ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. ટીમે દૂરથી જોતાં માલૂમ પડ્યું કે ખેતરમાં રહેલા વૃદ્ધ પર અનેક મધમાખીઓ ઘુમરાઈ રહી છે, અને વૃદ્ધ બચવાની બૂમો પાડી રહ્યા છે. એક પણ પળના વિલંબ વિના ૧૦૮ ના ઈ.એમ.ટી વિશાલ કાથડ અને પાઈલોટ રાહુલ પીપળીયાએ એમ્બ્યુલન્સમાં રહેલી પી.પી.ઈ. કીટનો ઉપયોગ કરી અન્ય લોકો પાસેથી હેલ્મેટ પહેરી વૃદ્ધ નજીક એમ્બ્યુલન્સ ખેતરમાં લઈ જઈ અને મહામહેનતે વૃદ્ધને એમ્બ્યુલન્સમા લેવામાં સફળ થયા હતાં. અમરસિંહભાઈને માખીઓએ કરડ્યા હોવાથી જરૂરી સારવાર સાથે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ૧૦૮ ની ટીમે હિંમત દાખવી ઝેરી મધમાખી હુમલામાંથી ખેડૂતને બચાવી નવજીવન બક્ષ્યું છે. આ અંગે ૧૦૮ સેવાના જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ૧૦૮ સેવાના તમામ કર્મચારીઓ કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવાં માટે પૂરતી તાલીમ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અને તેઓ વિષમ પરિસ્થિતિમાં કામગીરી કરવા કટીબદ્ધ રહે છે.

# વેરાવળ એસ.ટી ડેપો ખાતે નેશનલ રોડ સેફટી માસની ઉજવણી

## એસ.ટી. ડ્રાઇવરોને ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન અને તાલીમ અપાઈ



વેરાવળ, તા.૯

વેરાવળ એસ.ટી. ડેપો ખાતે નેશનલ રોડ સેફટી મન્થ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગીર સોમનાથ સહાયક વાહન વ્યવહાર પ્રાદેશિક કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા વેરાવળ એસ.ટી. ડેપો ખાતે એક સેમિનાર યોજાયો હતો. જેમાં આર.ટી.ઓના અધિકારીશ્રીઓ સહિત તજજ્ઞોએ એસ.ટી.ના ડ્રાઈવર કર્મચારીઓને ડ્રાઈવિંગ કરતી વખતે રાખવાની થતી કાળજી તેમજ ટ્રાફિક સિગ્નલ સહિત વિવિધ રોડ-રસ્તાઓની નિશાનીઓ વિશે સમજૂતી આપી તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે એસ.ટી.ડેપો મેનેજર શ્રી દિલીપ શામળાએ ડ્રાઈવિંગ વખતે રાખવી જોઈતી કાળજી અંગે માર્ગદર્શન આપી ટ્રાફિક નિયમોનું ચોક્સાઈથી પાલન કરવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમજ સહાયક વાહન વ્યવહાર પ્રાદેશિક કચેરી દ્વારા ટ્રાફિકના નિયમો વિશે સમજૂતી આપી અને ટ્રાફિક સિગ્નલોના નિયમોની બુકલેટ વિતરણ કરવામાં આવી હતી.

# રાજકોટ ભારતીય જનતા પાર્ટી દ્વારા જીલ્લા ભાજપ મંડળના પ્રતિનિધિઓની વરણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૯

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ , સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી તેમજ સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ચૂંટણી અધિકારી ઉદયભાઈ કાનગડ, સહ ચૂંટણી અધિકારી હિતેશભાઈ પટેલ તથા ધવલભાઈ દવે, રાજકોટ જીલ્લા ચૂંટણી અધિકારી આશિષભાઈ દવેની સુચના અનુસાર રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા દ્વારા નીચે પ્રમાણેના ભારતીય જનતા પાર્ટી રાજકોટ જીલ્લાના મંડળના પ્રતિનિધિઓની નિમણુંક કરવામાં આવી છે. જે મંડળ પ્રતિનિધિઓમાં ઉપલેટા શહેરમાં કિરીટભાઈ પાદરીયા, ઉપલેટા તાલુકામાં વિનુભાઈ ચંદ્રવાડીયા, ભાયાવદર શહેરમાં ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, ધોરાજી શહેરમાં વિનુભાઈ માથુકીયા, ધોરાજી તાલુકામાં હરસુખભાઈ માકડિયા, જામકંડોરણા તાલુકામાં ગોવિંદભાઈ રાણપરીયા, જેતપુર શહેરમાં સુરેશભાઈ સખરેલીયા, જેતપુર તાલુકામાં દિનેશભાઈ ભૂવા, ગોંડલ તાલુકામાં ભગવાનજીભાઈ રામાણી, લોધિકા તાલુકામાં મુકેશભાઈ કમાણી, પડધરી તાલુકામાં તળશીભાઈ તાલપરા, જસદણ શહેરમાં ચંદુભાઈ કચ્છી, જસદણ તાલુકામાં મનસુખભાઈ જાદવ, વિછીયા તાલુકામાં શ્રી કિશોરસિંહ ગોહિલની મંડલના પ્રતિનિધિ તરીકે નિમણુક કરવામાં આવી છે. ઉપરોક્ત વરણીને કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, કેબીનેટ મંત્રીઓ ભાનુબેન બાબરિયા, કુંવરજીભાઈ બાવળિયા, ધારાસભ્યો શ્રીમતિ ગીતાબા જયરાજસિંહ જાડેજા, જયેશભાઈ રાદડિયા, ડો.મહેન્દ્રભાઈ પાડલીયા તેમજ જીલ્લાના હોદેદાર તથા કાર્યકર્તાઓએ નવનિયુક્ત મંડલના પ્રતીનીધીઓને ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

### ભાવનગરની ગ્રીનસીટી સંસ્થા દ્વારા વૃક્ષોને રોજ ૬૦૦૦૦ લીટર પાણીનું સિંચન

# ભાવનગરમાં ઔદ્યોગિક ક્રાંતિ ભલે ન થઈ પરંતુ ગ્રીનસીટીએ હરીયાળી ક્રાંતિ જરૂર લાવી દીધી

## શેઠ બ્રધર્સના યુવા ઉદ્યોગપતિ દેવેનભાઈ શેઠનું સરાહનીય કાર્ય

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૯

રાજકોટ તથા અન્ય શહેરોની સરખામણીમાં ભાવનગર શહેર ઉદ્યોગ ક્ષેત્રે ઘણું જ પાછળ રહી ગયુ છે. આમાં નેતાઓની નિષ્ક્રિયતા, પ્રજામાં કોઈપણ પ્રશ્નને અવાજ ઉઠાવવાની નીરસતા તથા ચેમ્બર ઓફ કોમર્સની મર્યાદા મુખ્ય કારણભૂત છે. પરંતુ ભાવનગર ગર્વ લઈ શકે તેવું પરિવર્તન છેલ્લા દસકા દરમ્યાન જરૂર જોવા મળ્યું છે. અને તે છે ભાવનગરની લીલીછમ હરીયાળી. હાલમાં ભાવનગર શહેર એટલુ હરીયાળુ બની ચૂકયુ છે કે ગાંધીનગર પછી ગુજરાતનું બીજા નંબરનું હરીયાળુ શહેર બની ચૂકયું છે અને આનો સંપૂર્ણ શ્રેય-કાયમચૂર્ણ વાળા શેઠ બ્રધર્સ પરિવારના દેવેનભાઈ શેઠ ને જાય છે. દેવેનભાઈ શેઠ એ તેમની ગ્રીનસીટી એન.જી.ઓ. દ્વારા છેલ્લા ૧૪ વર્ષોથી દર વર્ષે સતત વૃક્ષારોપણ કરી આજ સુધીમાં શહેરમાં આશરે ૨ લાખ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી ચૂકયા છે. દેવેનભાઈ શેઠ માત્ર વૃક્ષારોપણ કરીને જ સંતોષ માનતા નથી. પરંતુ વૃક્ષની સતત ચાર થી પાંચ વર્ષ માવજત કરી, વૃક્ષોનો કાળજીપૂર્વક ઉછેર કરે છે.

તેમનું માનવું છે કે વૃક્ષારોપણ કરેલ કોઈપણ વૃક્ષ પાણીના અભાવે કે યોગ્ય કાળજીના અભાવે સુકાવું ન જોઈએ. દાતાઓએ વૃક્ષારોપણ માટે જે ડોનેશન આપ્યું હોય તે કોઈપણ ભોગે વ્યર્થ ન જવું જોઈએ. વૃક્ષોને નિયમિત રીતે પાણી મળી રહે તે માટે ગ્રીનસીટી સંસ્ગાના ત્રણ ટેક્રર દિવસ-રાત ફરતા હોય છે. સંસ્થા દ્વારા વૃક્ષોને દિવસનું ૬૦,૦૦૦ લીટર જેટલું પાણીનું સિંચન કરવામાં આવે છે. દેવેનભાઈ જણાવે છે કે વૃક્ષોના પાણી માટે મહીનામાં અંદાજે ૫૦,૦૦૦ રૂપીયા જેટલો ખર્ચ થાય છે. તે ઉપરાંત સ્ટાફનો પગાર, ટેન્કરના ડીઝલનો ખર્ચ વિગેરે દર મહિને ૨ લાખ જેટલો ખર્ચ વૃક્ષોને લીલાછમ રાખવા માટે થાય છે. વર્ષે રૂા.૨૪ લાખનું અનુદાન દેવેનભાઈ શેઠ પોતે ગ્રીનસીટી સંસ્થાને આપે છે.



ગ્રીનસીટી સંસ્થાએ ભાવનગર કોર્પોરેશનના રોડ ઉપરના ૪૧ જેટલા ડીવાઈડરો દત્તક લીધા છે અને તેના મેઈન્ટેનન્સ માટે પણ ઘણો જ ખર્ચ થાય છે. સંસ્થાને વૃક્ષારોપણ માટે ભાવનગર તથા મુંબઈના અનેક પર્યાવણર પ્રેમી ઉદાર દાતાશ્રીઓનો સહયોગ મળી રહ્યો છે. સંસ્થા ૮૦-જી તથા સી.એસ.આર. સર્ટીફીકેટ ધરાવે છે. એક વૃક્ષના ડોનેશન માટે રૂા. ૩૦૦૦ થાય છે જેમાં ટ્રી- ગાર્ડ પર ડોનરનું કે કંપનીનું નામ લખવામાં આવે છે.

દેવેનભાઈ શેઠ કોઈપણ ભોગે ભાવનગર ને ભારતનું સર્વશ્રેષ્ઠ હરીયાળુ શહેર બનાવવા માંગે છે. આ માટે તેઓ છેલ્લા ૧૪ વર્ષોથી તન-મન અને ધનથી સમર્પિત છે. આમ બધા ભેગા મળીને પણ ભાવનગરમાં ઔદ્યોગિક ક્રાંતિ નથી લાવી શક્યા પરંતુ દેવેનભાઈએ એકલા હાથે વન મને આર્મીની જેમ હરીયાળી ક્રાંતિ તો જરૂર સર્જી દીધી છે. પર્યાવરણના માગદર્શન તથા ડોનેશન માટે આપ દેવેનભાઈ શેઠનો મો. નં. ૯૮૭૯૫૧૧૩૫૦ ઉપર સંપર્ક કરી શકો છો.

# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા આજથી ત્રણ દિવસ અંબાજી યાત્રાધામ ખાતે ૫૩ મુ અધિવેશન

## શિક્ષણ મંત્રી, બોર્ડ અધ્યક્ષ તથા અગ્રણીઓની રહેશે ઉપસ્થિતિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું ૫૩ મું શૈક્ષણિક તથા વહીવટી અધિવેશન આજ તા.૯ થી ૧૧ જાન્યુઆરી સુધી સુવિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર છે.

સમગ્ર ગુજરાતના આચાર્યો શિક્ષણ અને વહીવટી અધિવેશનમાં ચિંતન, મનન તથા માર્ગદર્શન સાથે જ્ઞાન ગોષ્ઠી કરે તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગુરૂવાર તારીખ ૯ ના રોજ રજીસ્ટ્રેશન થશે. તારીખ ૧૦ના રોજ ઉદ્ઘાટન સત્ર યોજાશે. જેનું ઉદ્ઘાટન સમારંભના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા કરશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોરના તથા અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, કમલેશભાઈ પટેલ, ધવલસિંહ ઝાલા સાથે વિવિધ સંઘોના અગ્રણીઓ સતીશ પટેલ, શંકરસિંહ રાણા, ભરતભાઈ પટેલ, કિર્તીસિંહ મહિડા, મિતેશભાઈ મોદી વિગેરે રહેશે.

શુક્રવાર તારીખ ૧૦ના રોજ દ્વિતીય સત્રમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન એમ.એ. પંડ્યા રહેશે. તજજ્ઞ વકતા તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલીકરણ સમિતિના ડો. જયેન્દ્રસિંહ જાદવ, મુખ્ય મહેમાન તરીકે સચિવ આર.આર. વ્યાસ, જી.સી.આર.ટી.ના અધિક નિયામક દિનેશભાઈ પટેલ, નવનીતના રાજુભાઈ ગાલા તથા દિપકભાઈ પટેલ રહેશે. રાત્રે લોક ડાયરો અને રણકાર બીટ્સનો કાર્યક્રમ યોજાશે. શનિવાર તારીખ ૧૧ ના રોજ તૃતીય બેઠક તથા ખુલ્લુ અધિવેશન યોજાશે. જેના મુખ્ય મહેમાન તરીકે મહીસાગરના જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ રહેશે. સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં આચાર્યો આ અધિવેશનમાં જોડાશે. જે માટે રાજ્ય પ્રમુખ ભાનુપ્રસાદ પટેલ, અધ્યક્ષ જે.પી. પટેલ, મહામંત્રી ભરતભાઈ ચૌધરી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પરીક્ષા સુધારણા મુદ્દે સરકારી પેનલે NTA દ્વારા માત્ર પ્રવેશ પરીક્ષાઓ યોજવા અને સંસ્થાના પુર્નઃગઠનની ભલામણ કરી

## શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, ૨૦૨૫થી NTA ભરતી પરીક્ષાઓ યોજશે નહીં, NEET-UG પરીક્ષામાં ગેરરીતિના આરોપોને પગલે આ પેનલની રચના કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૯

પરીક્ષા સુધારણા ઉપર સરકાર દ્વારા નિયુક્ત પેનલે પ્રવેશ પરીક્ષાઓ આયોજિત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના વ્યાપક પુર્નઃગઠનની ભલામણ કરી છે. પેનલ ઓનલાઈન પરીક્ષાની હિમાયત કરે છે. નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ) અથવા NEET-UG પરીક્ષામાં ગેરરીતિઓના આરોપોને પગલે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના પૂર્વ અધ્યક્ષ કે. રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની સાત સભ્યોની પેનલની રચના આ વર્ષે જૂનમાં કરવામાં આવી હતી. તબીબી પ્રવેશ પરીક્ષા પેપર લીક અને છેતરપિંડીના આક્ષેપો પછી કાઉન્સેલિંગ પ્રક્રિયામાં લગભગ બે મહિના વિલંબ થયો હતો. આ પેનલનો રિપોર્ટ હાલમાં જ બહાર પાડવામાં આવ્યો હતો. પેનલે આ વર્ષે ઓકટોબરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયને અહેવાલ સુપરત કર્યો હતો. ત્યારબાદ પેનલને વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્યો સહિત હિતધારકો તરફથી ૩૭,૧૪૪ પ્રતિસાદ મળ્યા હતા. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને અહેવાલની વિગતો શેર કરી અને જાહેરાત કરી કે ૨૦૨૫થી નેશનલ ટેસ્ટિંગ એજન્સી કોઈપણ ભરતી પરીક્ષાઓ યોજશે નહીં. NTA માત્ર ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ પરીક્ષાઓ લેવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે અને આવતા વર્ષથી કોઈ ભરતી પરીક્ષાઓ યોજશે નહીં. હાલમાં NTA વિવિધ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે ભરતી પરીક્ષાઓ પણ આયોજિત કરે છે. પેનલે સુશાસન અને કાર્યક્ષમતા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)નું પુર્નઃગઠન કરવાની ભલામણ કરી હતી. તેણે પરીક્ષણ ઓડિટ, નૈતિકતા અને પારદર્શિતા અને હિસ્સેદારોના સંબંધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ત્રણ પેટા- સમિતિઓ દ્વારા સમર્થિત એક સશક્ત ગવર્નિંગ બોડી બનાવવાની દરખાસ્ત કરી છે.

એનટીએએ પ્રાથમિક રીતે પ્રવેશ પરીક્ષાઓ યોજવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, તેની ક્ષમતા મજબૂત થયા પછી જ તેના કાર્યક્ષેત્રને અન્ય પરીક્ષાઓ સુધી વિસ્તારવાની શક્યતા ધ્યાનમાં લેવી જોઈએ. પેનલે એજન્સીના વડાના પદની ભલામણ કરી હતી, જેને હાલમાં ડાયરેકટર-જનરલ (DG) કહેવામાં આવે છે. પેનલે એ પણ ભલામણ કરી હતી કે NTAનું કાર્યાત્મક સંચાલન નેતૃત્વ લાયક વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે. તેમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજી, ટેસ્ટિંગ સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને કોમ્યુનિકેશન એન્ડ કોઓર્ડિનેશન માટેના વિભાગોનો સમાવેશ થાય છે. તેણે મજબૂત ડેટા સુરક્ષા અને રીઅલ-ટાઈમ મોનિટરિંગ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આંતરરાષ્ટ્રીય સહયોગ, માહિતી સુરક્ષા અને પરીક્ષણ સુરક્ષા માટે એકમો સૂચવ્યા છે. NTAએ ફાઈનાન્સ, HR, ક્ષમતા નિર્માણ અને કાયદાકીય અને અનુપાલન ઉપર પણ ધ્યાન આપવું જોઈએ. આ ઉપરાંત NTAએ કાયમી સ્ટાફની ભરતી કરવાની ભલામણ કરી હતી. NTA, પેનલે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) અને કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) સહિત ટેસ્ટ ઈન્ડેન્ટિંગ એજન્સીઓ (TIA) સાથે મળીને કામ કરવું જોઈએ. પેનલે ત્રણ નીતિગત હસ્તક્ષેપની ભલામણ કરી હતી. સામાન્યીકરણ પ્રક્રિયા બહુ-સત્ર પરીક્ષા માટે નિર્ણાયક છે. તે એક આંકડાકીય પ્રક્રિયા છે અને તેના પરિમાણો અને પદ્ધતિ દરેક માટે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત, દસ્તાવેજીકૃત હોવા જોઈએ. બીજું તેણે NEET-UG માટે મલ્ટિ-સ્ટેજ ટેસ્ટિંગની ભલામણ કરી. ત્રીજું, તે સંબંધિત વિષયોના વધુ કેન્દ્રિત ક્લસ્ટરોમાં CUET પ્રવેશ માટે વિષય સ્ટ્રીમ્સની વિશાળ શ્રેણીને સુવ્યવસ્થિત કરવાની દરખાસ્ત કરી છે.

પેનલે પેપર-એન્ડ-પેન્સિલ ટેસ્ટિંગ (PPT)થી કમ્પ્યુટર-આધારિત પરીક્ષણ (CBT)માં ક્રમિક સંક્રમણની પણ ભલામણ કરી હતી. તેણે ઉત્તરપૂર્વ, ઉત્તર હિમાલયન રાજ્યો અને આંદામાન અને નિકોબાર ટાપુઓ સહિત સૌથી દૂરસ્થ સ્થળો સુધી પહોંચવામાં અવરોધોને દૂર કરવામાં મદદ કરવા માટે 'મોબાઈલ ટેસ્ટ સેન્ટર્સ' અથવા સ્ક્રૂજનું સૂચન કર્યું હતું. તેણે કમ્પ્યુટર-આધારિત પરીક્ષા (CBT) અને કાગળ-અને-પેન્સિલ પરીક્ષા (PPT) બંને પદ્ધતિઓને જોડીને કમ્પ્યુટર-સહાયિત સુરક્ષિત પરીક્ષણ માટે હાઈબ્રિડ પ્રક્રિયા અપનાવવાની ભલામણ કરી છે. આ હાઈબ્રિડ અભિગમમાં CBTનો ઉપયોગ એનક્રિપ્ટેડ પ્રશ્નપત્રો પહોંચાડવા માટે કરવામાં આવશે, જે કેન્દ્રોના કેન્દ્રિય સર્વર ઉપર સુરક્ષિત રીતે ટ્રાન્સમિટ કરવામાં આવશે. ત્યારબાદ, છપાયેલા પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્રો પર હાઈ-સ્પીડ પ્રિન્ટરનો ઉપયોગ કરીને ગોપનીયતાની ખાતરી કરીને ઉમેદવારોને વિતરણ કરવામાં આવશે. આ પ્રક્રિયાનો હેતુ PPT પ્રિન્ટીંગ, સંગ્રહ અને પરિવહન તબક્કાઓ દરમ્યાન સંભવિત સુરક્ષા જોખમોને ઘટાડવાનો છે. પેનલે એવા પરીક્ષા કેન્દ્ર ફાળવણી નીતિની કલ્પના કરી છે જેમાં ઉમેદવારો પાસે તેમના રહેઠાણના જિલ્લામાં અથવા નજીક કેન્દ્રો છે. આ અભિગમનો ઉદ્દેશ્ય ઉમેદવારો માટે મુસાફરીના બોજને ઓછો કરીને સુગમતા પ્રદાન કરવાનો છે. પરીક્ષણ કેન્દ્રોની પસંદગીમાં કોઈપણ અનિયમિતતા માટે અને કોઈપણ વિસંગતતા સુધારવી જોઈએ. વધુમાં, કેન્દ્રની પસંદગી માટેની ચોક્કસ આવશ્યકતાઓ અરજી ફોર્મમાં સામેલ કરી શકાય છે. પેનલે સમગ્ર દેશમાં દરેક જિલ્લામાં એક સુરક્ષિત પરીક્ષા કેન્દ્ર સ્થાપવાની પણ ભલામણ કરી હતી.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ, તબક્કાવાર અભિગમમાં પ્રતિષ્ઠિત સરકારી સંસ્થાઓને પ્રાધાન્ય આપીને, ઓછામાં ઓછા ૧,૦૦૦ સુરક્ષિત પરીક્ષણ કેન્દ્રો સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ. પરીક્ષા કેન્દ્રો સ્થાપવા માટે પેનલે કેન્દ્રીય વિદ્યાલયો (KVs) અને નવોદય વિદ્યાલયો સાથે મળીને દેશભરમાં CBT કેન્દ્રો સ્થાપવાનું સૂચન કર્યું હતું. આ ભાગીદારી આ સંસ્થાઓને વિવિધ પરીક્ષા એજન્સીઓ માટે સુરક્ષિત CBT પરીક્ષણ કેન્દ્રોમાં રૂપાંતરિત કરીને અદ્યતન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં સક્ષમ બનાવશે. પેનલે કેન્દ્રો સ્થાપિત કરવા માટે કેન્દ્રીય અને રાજ્ય યુનિવર્સિટીઓ અથવા વિશ્વસનીય ખાનગી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે સહયોગ કરવા કહ્યું છે. પેનલના જણાવ્યા મુજબ, હાલમાં ઉમેદવારોએ જ્યારે પણ તેઓ પરીક્ષા આપવા માંગતા હોય ત્યારે તેમનો ડેટા અપલોડ કરવો જરૂરી છે. પેનલે 'ડિજી પરીક્ષા' સિસ્ટમ અમલમાં મૂકવાની ભલામણ કરી. આ સિસ્ટમ પરીક્ષા પ્રક્રિયાના વિવિધ તબક્કામાં ઉમેદવારની ઓળખને પ્રમાણિત કરવા માટે આધાર, બાયોમેટ્રિક વેરિફિકેશન અને AI આધારિત ડેટા એનાલિટિક્સનો સમાવેશ કરશે.

પેનલે પરીક્ષા પહેલાં ઉમેદવારનો બાયોમેટ્રિક ડેટા, જેમ કે ફિંગરપ્રિન્ટ્સ અથવા ચહેરાની છબીઓ, ઓળખની પુષ્ટિ કરવા માટે કેપ્ચર કરવાની ભલામણ કરી હતી. પેનલે તમામ ઉમેદવારો પર દેખરેખ રાખવા અને ક્લાઉડ ઉપરના ફૂટેજના સુરક્ષિત સ્ટોરેજ માટે સતત સીસીટીવી સર્વેલન્સનું પણ સૂચન કર્યું હતું અને કેપ્ચર કરેલી તસવીરો અને ઉમેદવારની અરજીના ડેટાની સરખામણી કરીને સુસંગતતા અને ચકાસણી સુનિશ્ચિત કરી હતી.વિસંગતતાઓ ઊભી થાય તેવા કિસ્સામાં વધુ ચકાસણી માટે યોગ્ય પગલાં લેવા જોઈએ. અનધિકૃત પ્રવેશને રોકવા માટે આઈડી ધરાવતો સ્ટાફ સાથે માત્ર અધિકૃત કર્મચારીઓને જ ઍક્સેસ હોવી જોઈએ. નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને ટેસ્ટ ઈન્ડેન્ટિંગ એજન્સીઓના વરિષ્ઠ પ્રતિનિધિઓએ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ કામગીરીની દેખરેખ રાખવી આવશ્યક છે. અનધિકૃત સામગ્રીને રોકવા માટે કડક નિયંત્રણો હોવા જોઈએ. કોઈ મુલાકાતીઓને મંજૂરી આપવી જોઈએ નહીં અને મોબાઈલ ફોન અથવા કેમેરા પ્રતિબંધિત હોવા જોઈએ. સીસીટીવી ઈન્સ્ટોલ કરવું જોઈએ, નિયમિત ઓડિટ કરવું જોઈએ અને ફૂટેજ ઓછામાં ઓછા એક વર્ષ માટે સંગ્રહિત હોવું જોઈએ. પ્રશ્નપત્રો અને OMR શીટ્સ અનન્ય રીતે કોડેડ અને ઓડિટ કરવા જોઈએ. કોઈપણ ખોટી છાપેલી નકલો NTA દ્વારા યોગ્ય દસ્તાવેજો સાથે સુરક્ષિત રીતે હેન્ડલ અને નાશ કરવી આવશ્યક છે. પેનલે ભલામણ કરી હતી કે કડક પ્રોટોકોલ હેઠળ સુરક્ષિત કુરિયર સેવાઓ દ્વારા જ પ્રશ્નપત્રોનું પરિવહન કરવામાં આવે. અધિકૃત અધિકારીઓએ તમામ સામગ્રીને હેન્ડલ કરવી અને સીલ કરવી જોઈએ, સમગ્ર પરિવહન દરમ્યાન તેમની સુરક્ષાની ખાતરી કરવી જોઈએ. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ તમામ સામગ્રીઓ મોકલતા પહેલા તેની ચકાસણી કરવી જોઈએ. પરિવહન દરમ્યાન પરિવહન કન્ટેનર સુરક્ષિત રીતે લૉક અને મોનિટર કરવા જોઈએ. પરીક્ષણ કેન્દ્રો ઉપર પહોંચ્યા પછી CCTV સર્વેલન્સ સાથે NTA અધિકારીઓની દેખરેખ હેઠળ પેપર્સ એ નિયુક્ત વડાને સોંપવા જોઈએ. પેનલે ભલામણ કરી હતી કે NTA સુરક્ષિત ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ગોપનીયતા અને અખંડિતતા ઉપર કેન્દ્રિત એક વ્યાપક સુરક્ષા પ્રોટોકોલ સ્થાપિત કરે. ઈન- હાઉસ સુરક્ષા વિશ્લેષકોએ ઉભરતા જોખમોને સંબોધવા માટે આ પ્રોટોકોલ્સની નિયમિત સમીક્ષા કરવી જોઈએ અને અપડેટ કરવા જોઈએ. કોમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ ઈન્ટરનેટ આધારિત ડેટા એક્સચેન્જ ઉપર વધુ આધાર રાખે છે તે ધ્યાનમાં લેતા પેનલે જણાવ્યું હતું કે NTAએ નેટવર્ક સુરક્ષાને વધારવા માટે સમર્પિત સંશોધન એકમની સ્થાપના કરવી જોઈએ. આ એકમે સુરક્ષિત VPN વિકસાવવા જોઈએ, ડેટા પેકેટ્સની અધિકૃતતા સુનિશ્ચિત કરવી જોઈએ અને નેટવર્ક છેતરપિંડી અટકાવવા માટે સલામતીનો અમલ કરવો જોઈએ.

# દિલ્હી વિધાનસભા ચૂંટણીઓ ૨૦૨૫ માટે ભાજપ ઓપરેશન લોટસ અમલમાં મૂકીને ૫,૦૦૦ મતો દૂર કરવા માટે આયોજન કરી રહ્યું છે : અરવિંદ કેજરીવાલ



નવી દિલ્હી, તા.૯

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં મતદાર યાદીઓમાં ગરબડ કરવાના પ્રયાસો બદલ ભાજપ ઉપર ભારે જોરદાર પ્રહારો કર્યા હતા અને એવો આક્ષેપ કર્યો હતો કે આગામી વિધાનસભા ચૂંટણીઓ ૨૦૨૫માં પરિણામ પોતાની તરફ લેવા માટે ભાજપ દિલ્હીની મતદાર યાદીઓ સાથે છેડછાડ કરી રહ્યો છે. મીડિયા સાથે વાતચીત કરતા કેજરીવાલે એવો આક્ષેપ કર્યો હતો કે૧૫ ડિસેમ્બરથી મતદાર યાદીઓના કલેવરને બદલી નાખવા માટે ભાજપ પદ્ધતિસર એક ઝુંબેશ ચલાવી રહ્યો છે તે ઓપરેશન લોટસ કહેવાય છે. અલગ-અલગ મતવિસ્તારોના એટલે કે ચાવીરૂપ મતવિસ્તારોના મતદાર યાદીઓના વ્યૂહાત્મક રીતે નામો કાઢવામાં આવી રહ્યા છે અને ઉમેરવામાં આવી રહ્યા છે જેથી મનગમતું ચૂંટણી પરિણામ મેળવી શકાય. તેમણે જણાવ્યું હતું કે મારા મતવિસ્તાર નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં ૧૫ ડિસેમ્બરથી ઓપરેશન લોટસ સક્રિય કરવામાં આવ્યું છે અને માત્ર ૧૫ દિવસમાં જ મતદાર યાદીના ૫૦૦૦ નામો કાઢી નાખવા માટે અને ૭૫૯ નવા નામો ઉમેરવા માટેની અરજીઓ કરવામાં આવી છે. મતદારયાદીઓના ગોટાળા અને ગેરરીતિના ખૂબ વ્યાપક પ્રમાણને ઉજાગર કરતા તેમણે ટકોર કરી હતી કે જો તમે એકમતવિસ્તારના ૧૨% મતદારોના નામો સાથે છેડછાડ કરી રહ્યા હોવ તો પછી ચૂંટણીઓ કરવાની જ શું જરૂર છે ? આ લોકશાહી નથી આ તો ચૂંટણીઓના નામે એક રમત રમવામાં આવી રહી છે. પૂર્વ મુખ્યમંત્રીએ એવો દાવો કર્યો હતો કે ભાજપે શાહદરા મતવિસ્તારમાં ૧૧,૮૦૦ જેટલા મતદારોના નામો કઢાવી નાખવાનો પ્રયાસ કર્યો છે પરંતુ ચૂંટણીપંચ દ્વારા સમયસર દરમ્યાનગીરી કરવામાં આવતા ભાજપની આ રમત સફળ થઈ નથી. તેમણે કહ્યું હતું કે ૨૯ ઓકટોબરે ચૂંટણીપંચે હાથ ધરેલી મતદારયાદીઓની સુધારણાની કામગીરી દરમ્યાન નવી દિલ્હી મતવિસ્તારમાં એક લાખ નવા નામો ઉમેરવામાં આવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ૧૨ ટકા જેટલા નવા નામો મૂકવા એનાથી તો ચૂંટણીપંચની વિશ્વસનીયતા ઉપર પણ શંકાઓ ઊભી થાય છે. ભાજપે હજુ સુધી કેજરીવાલના આક્ષેપોનો જવાબ આપ્યો નથી પરંતુ કેજરીવાલના વિધાનો બાદ દિલ્હીના રાજકીય હવામાનમાં નવા પરિબળનો ઉમેરો થયો છે.

# આકરા વેરા લાદીને જીવન જરૂરી દવાઓને હજુ કેટલી કડવી બનાવશો ?

અમદાવાદતા.૯

દુનિયામાં કોઈ વ્યકિત શોખથી કડવી દવાઓ ખાતી નથી પરંતુ બીમારીમાં મજબૂરીને કારણે તેને કડવી દવાઓ ખાવી પડે છે વાસ્તવમાં બીમાર માનવીની સેવા કરવી એ દરેક ધર્મ શીખવાડે છે અને જે તે દેશની સરકારનો પણ ધર્મ છે કે તે પોતાના નાગરિકોની આરોગ્ય સુખાકારીનો બોજ ઉઠાવે. પરંતુ આપણે ત્યાં જોવામાં આવી રહ્યું છે કે દિનપ્રતિદિન આરોગ્ય સેવાઓ માત્ર કથળી જ નથી રહી પણ મોંઘીદાટ પણ થઈ રહી છે.

એક તરફ દેશમાં તબીબી સેવાઓ સામાન્ય માણસની પહોંચની બહાર જતી રહી છે તો બીજી તરફ દવાઓ ઉપરના ટેકસમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. સરકારની પ્રજાલક્ષી યોજનાઓ છતાં દર્દીને મોંઘીદાટ દવાઓ ખરીદવી એ મજબૂરી છે. છેવટે, તેની સામે કોઈ વિકલ્પ નથી. કાં તો તે પોતાની જમીન અને ઝવેરાત વેચીને પોતાનો જીવ બચાવે છે અથવા તો ઘરમાં ઈલાજ કર્યા વગર કણસીને મૃત્યુ પામે છે. આ એક ભયંકર સ્થિતિ છે. એ વાત સાચી કે સસ્તી દવાઓ આપવા માટે કેટલાક પગલાં લેવામાં આવ્યા છે. પરંતુ સચ્ચાઈ એ છે કે રોગોની સારવાર દરમ્યાન, હોસ્પિટલના તોતીંગ બિલો અને બિનજરૂરી તબીબી પરીક્ષણોને કારણે દર્દીઓ સાવ કંગાળ બની જાય છે. ઘણી વખત તે પોતાની સારવાર કરાવવામાં અસમર્થ બની જાય છે. સરકારના દાવા અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત હોસ્પિટલોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. સારવાર પાછળનો ખર્ચ બમણાથી વધુ થયો છે. તેનું મુખ્ય કારણ દવાઓ ઉપર જીએસટી લાદવામાં આવ્યો છે. જીવનરક્ષક દવાઓ સિવાય, ઘણી બધી દવાઓ જીએસટીના મહત્તમ દાયરામાં છે. મનોરોગની દવાઓ ઉપર પણ ૧૨ ટકા જીએસટી લાદવામાં આવ્યો છે.

જ્યારે ઘણા ગંભીર રોગોની દવાઓ પહેલેથી જ મોંઘી છે. આવી સ્થિતિમાં માનસિક સ્વાસ્થ્યને લગતી દવાઓ ઉપર ૧૨ ટકા જીએસટી એ એવા દર્દીઓ માટે અન્યાય છે કે જેઓ જીવન બે છેડા ભેગા કરવાના સંઘર્ષમાં કોઈને કોઈ કારણોસર માનસિક બીમારીનો ભોગ બન્યા છે. જો પહેલાથી જ આર્થિક દબાણથી પરેશાન આવા દર્દીઓ તેમની સારવાર અધવચ્ચે છોડી દેતા હોય તો તે ચોક્કસ ચિંતાનો વિષય છે. હવે માનસિક રોગ કોઈ વૈભવ તો છે નહીં કે એની ઉપર સરકાર ૧૨ ટકા જેટલો 'લકઝુરિયસ' ટેકસ લગાડે. ત્યારે શું સરકારને કોઈએ વાજબી પ્રશ્ન પણ પૂછનાર નથી કે શું મનોચિકિત્સા અથવા કોઈપણ રોગની સારવાર મનુષ્ય માટે વિલાસીતા છે ? શું દરેકને સ્વસ્થ જીવન જીવવાનો અધિકાર નથી ? જો દવાઓ મોંઘી થશે, તો શું કોઈ પહેલા પોતાની આજીવિકાની ચિંતા કરશે કે પછી તે પોતાના માટે દવાઓ ખરીદશે ? જ્યારે ખરેખર તો આ બંને મૂળભૂત જરૂરિયાતો છે. માનસિક રોગોની સારવાર માટેની દવાઓ જીવનરક્ષક દવાઓ જેટલી જ મહત્વપૂર્ણ છે. માનવીય દષ્ટિકોણથી, બધી દવાઓ કરમુકત હોવી જોઈએ. કારણ કે સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું જરૂરી છે. વાતો આપણે વિકસીત રાષ્ટ્રો બનવાની કરીએ છીએ પણ આરોગ્ય સુવિધા આપણે ટોચના વિકાસશીલ રાષ્ટ્રો જેટલી પણ આપી રહ્યા નથી, વિશ્વના ઘણા રાષ્ટ્રોમાં ત્યાંના નાગરિકોને આરોગ્ય સેવાઓ સરળ મફતમાં આપવામાં આવે છે જ્યારે આપણે ત્યાં લોકો પોતાના પૈસે દવાઓ ખરીદે છે તો તેની ઉપર આકરા વેરા લાદવામાં આવે છે.

# હરિયાણા ભાજપ ૫૦ લાખ સભ્યોના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે સંઘર્ષ કરી રહ્યું છે આ આંકડો પાર્ટીના વિધાનસભા ચૂંટણી પ્રદર્શનના આધારે નક્કી કરવામાં આવ્યો છે

## આ મેમ્બરશિપ ડ્રાઈવ ૧૦ ડિસેમ્બરના રોજ સમાપ્ત થઈ હતી, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૩૯ લાખ લોકોએ નોંધણી કરાવી છે, પાર્ટીના નેતાઓ કહે છે કે, ઓનલાઈન પ્રક્રિયા અને પાર્ટી જ્યાં હારી છે તે બેઠકોમાં ઉત્સાહનો અભાવ તેના સંભવિત કારણો છે

ગુરૂગ્રામ, તા.૯

હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની સદસ્યતા અભિયાનને પૂર્ણ કરવાની વિસ્તૃત સમયમર્યાદા લાંબા સમય સુધી પસાર થઈ ગઈ હોવા છતાં રાજયમાં પાર્ટીના નેતાઓ ૫૦ લાખ સભ્યોની નોંધણીના લક્ષ્યાંકને પૂર્ણ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. પાર્ટીએ હરિયાણામાં અત્યાર સુધીમાં ૩૯ લાખથી વધુ સામાન્ય સભ્યોની નોંધણી કરી છે, જે લક્ષ્યાંકના ૮૦ ટકા કરતાં પણ ઓછી છે. સક્રિય સભ્યોના કિસ્સામાં પણ આવી જ સ્થિતિ છે, જયાં ભાજપે ૫૦,૦૦૦નો લક્ષ્યાંક રાખ્યો હતો. અત્યાર સુધીમાં માત્ર ૨૮,૦૦૦ જ સભ્યો નોંધાયા છે.

પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમ્યાન ભાજપને મળેલા ૫૫ લાખથી વધુ મતોને ધ્યાનમાં રાખીને લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું. ભારતીય ચૂંટણી પંચ (ECI)ના ડેટા અનુસાર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપને કુલ મતદાનની સંખ્યાના ૩૯.૯૪ ટકા મત મળ્યા હતા. ECI દ્વારા ૭ ઓકટોબરના રોજ બહાર પાડવામાં આવેલા અંતિમ મતદાર મતદાનના આંકડા અનુસાર કુલ ૨,૦૩,૫૪,૩૫૦ પાત્ર મતદારોમાંથી ૬૭.૯ ટકાએ ચૂંટણીમાં પોતાનો મત આપ્યો હતો. મતદાન કરનારા ૧,૩૮,૨૦,૬૦૩ મતદારોમાંથી ૩૯.૯૪ ટકા (૫૫,૧૯,૯૪૯)એ ભાજપને મત આપ્યો હતો. ભાજપે તેની સદસ્યતા ઝુંબેશ ૮ નવેમ્બરે શરૂ કરી હતી, જેની પ્રારંભિક સમયમર્યાદા પાંચ ડિસેમ્બર હતી. જો કે, સમયમર્યાદા નજીક આવતાં પક્ષ લક્ષ્યાંકથી નોંધપાત્ર રીતે ઓછો હતો. ત્યારબાદ તેને ૧૦ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવ્યો હતો. આ વિસ્તરણ છતાં લક્ષ્ય અપૂર્ણ રહ્યું. પાર્ટીએ ડ્રાઈવ માટે કોઈ વધુ એકસટેન્શન આપ્યું નથી. પક્ષ માટે વધુ ચિંતાજનક બાબત એ છે કે, ૨૦થી વધુ વિધાનસભા મતવિસ્તારોમાં લક્ષ્યાંકના ૫૦ ટકા પણ હાંસલ કરવામાં આવ્યા નથી.

આ લક્ષ્યાંકને પહોંચી વળવાના પ્રયાસરૂપે રાજય ભાજપના પ્રમુખ મોહન લાલ બડોલીએ વ્યક્તિગત રીતે રાજયભરમાં પ્રવાસ કર્યો, પરંતુ નોંધણી લક્ષ્યાંક હાંસલ કરવો હજુ પણ પડકારજનક લાગે છે. જો કે, પાર્ટીના રાજય પ્રવકતા સંજય શર્માએ લક્ષ્યાંક હાંસલ કરવામાં નિષ્ફળ જવાની ચિંતાઓને નકારી કાઢતા કહ્યું કે, લક્ષ્યો હંમેશા ઊંચા રાખવામાં આવે છે જેથી પક્ષના નેતાઓ તેમને હાંસલ કરવા માટે વધુ મહેનત કરે. ચાલીસ લાખ સભ્યો એ નાની સિદ્ધિ નથી. અમે આ સભ્યોનો ઉપયોગ કરીને સંગઠનાત્મક ચૂંટણીઓ સાથે આગળ વધીશું, પરંતુ નવા સભ્યોની નોંધણીની પ્રક્રિયા ચાલુ રહેશે. જયાં સુધી સક્રિય સભ્યોનો સંબંધ છે, વ્યક્તિ ૫૦ નવા સભ્યોની નોંધણી કર્યા પછી સક્રિય સભ્ય બને છે. તેથી વધુ સભ્યોની નોંધણી થતાં સક્રિય સભ્યોની સંખ્યામાં સ્વાભાવિક રીતે વધારો થશે. પ્રવકતાએ ઉલ્લેખ કર્યો કે, પાર્ટી દર છ વર્ષે સભ્યપદ અભિયાન ચલાવે છે. છેલ્લી સભ્યપદ ઝુંબેશ ૨૦૧૮માં થઈ હતી, જયારે અમિત શાહ પાર્ટીના અધ્યક્ષ હતા. તે સમયે પાર્ટીએ હરિયાણામાં ૩૨ લાખ સભ્યોની નોંધણી કરી હતી. તે ધોરણ મુજબ આ વખતે ૪૦ લાખ સભ્યોની નોંધણી એ કોઈ નાની સિદ્ધિ નથી.

બીજેપીના એક વરિષ્ઠ નેતાએ તેના લક્ષ્યને હાંસલ કરવા માટે પાર્ટીના સંઘર્ષના ચોક્કસ કારણો દર્શાવ્યા અને નામ જાહેર ન કરવાની શરતે આ નેતાએ કહ્યું કે, સંપૂર્ણપણે ઓનલાઈન સભ્યપદ પ્રક્રિયાએ કેટલાક, ખાસ કરીને વૃદ્ધ વ્યક્તિઓ માટે પડકાર ઊભો કર્યો છે. ૨૦૧૮માં જેઓ સભ્ય બનવા માંગે છે તેઓ ખાલી મિસ્ડ કોલ આપતા હતા. પક્ષના નેતાઓ પછી તેમનો મૂળભૂત ડેટા એકત્રિત કરતા અને મેન્યુઅલી ફોર્મ ભરવા સહિતની અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કરવામાં તેમને મદદ કરતા હતા. આ વખતે ઓનલાઈન ફોર્મ ભરવાનું પણ સંપૂર્ણપણે સભ્ય બનવા ઈચ્છતી વ્યક્તિ ઉપર છોડી દેવામાં આવ્યું છે. વરિષ્ઠ નેતાના મતે બીજો પડકાર એ મતવિસ્તારોનો હતો જ્યાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો હારી ગયા હતા. સભ્યતા અભિયાનની સફળતા લોકોના ઉત્સાહ પર આધાર રાખે છે. જે મતવિસ્તારોમાં ભાજપના ઉમેદવારો ચૂંટણી જીત્યા છે ત્યાં મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જ્યાં ભાજપના ધારાસભ્યોને મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા છે તેઓ વધુ ઉત્સાહી છે, લોકો સભ્યો બનવા માટે દોડી રહ્યા છે. જો કે, જે મતવિસ્તારોમાં પક્ષના ઉમેદવારો હારી ગયા છે, ત્યાં રસનો અભાવ છે. આવા કિસ્સાઓમાં પૂર્વ પ્રધાનો પણ તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. નેતાએ કહ્યું કે, ૨૦૧૮માં છેલ્લી સભ્યપદ ઝુંબેશ દરમ્યાન ભાજપે દેશભરમાં સાત કરોડ નવા સભ્યોની નોંધણી કરી અને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે. હવે પાર્ટીએ દેશભરમાં ૧૨ કરોડ નવા સભ્યોની નોંધણી કરી છે

# સોમનાથ-વેરાવળની બજારો પતંગોથી સજ્જ

## સંક્રાંતના દિવસે સાગર તટ આકાશ રંગબેરંગી પતંગથી છવાઈ જશે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૯

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ વેરાવળનો માહોલ સુર્ય ઉપાસના મહાપર્વ મકર સંક્રાંતને આવકારવા પતંગ બજાર સજ્જ થઈ ગયું છે. સોમનાથ અને ખાસ કરીને વેરાવળની બજારમાં ઠેર-ઠેર પતંગ, દોરા, ફિરકી, પતંગ ઉડાડતી વખતે બજાવવામાં આવતા પાવા, પીપુડા, મહોરા, વિવિધ રંગી અને વિવિધ સાઈઝો તથા પક્ષીઓના આકારની પતંગો અત્યારથી જ ગ્રાહકોની અવર-જવરથી લોકોમાં તહેવારનો અનેરો આનંદ ચહેરાઓ ઉપર છલકાઈ રહયો છે. વેરાવળમાં સૌથી જુના અને પેઢીઓથી પતંગનો વ્યવસાય કરતા બદુશા પતંગવાળા જણાવે છે કે, અમો પેઢીઓથી આજ વ્યવસાય કરીએ છીએ અને વિવિધ ડિઝાઈન, રંગ અને આકારના પતંગો અમારા ગ્રાહકોને આકર્ષે છે.

પતંગ બે રૂપિયાથી એક હજાર રૂપિયાસુધીની એક પતંગ પણ બજારમાં આવતી હોય છે. પતંગ સાથે દોરા, રીલ, ફિરકી, પતંગ ઉડાડતી વખતે સુર્યનો તાપ ન લાગે તે માટેના ચશ્મા, કેપ, કલરના પીપ આવું ઘણું બધું પતંગ બજારમાં મળી રહે છે.

પ્રભાસ પાટણ તાલુકા શાળા પાસે આ દુકાન ધરાવતા રમેશ ગઢીયા દિવસભર પતંગની દોરીને સાયકલના વ્હીલ ચકકરમાં ઝડપી હેન્ડલ ફેરવી રંગીન બનાવતા નજરે ચઢે તો કરીયાણા, કટલેરીની દુકાનોમાં સંક્રાંતને લગતી આઈટમો ચીકી, તલના લાડુ,ખીચડો અનાજ, ઉંધીયુ મસાલા, પૂજા પાઠ સંક્રાંતના આયોજનો, દાન, દક્ષિણાઓ, દેવ દર્શનો બધાયની તૈયારીઓનું કાઉન્ટડાઉન થઈ રહયું છે અને આતુરતા પુર્વક કાગડોળે સંક્રાંતની રાહ જોવાઈ રહી છે. આ વર્ષે પવન પણ પતંગને અનુકુળ છે.

# કેશોદ તાલુકાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નીવારણ કાર્યક્રમ તા. ૨૨ જાન્યુઆરીના યોજાશે

જૂનાગઢ, તા.૯

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કેશોદ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૨-૧૨-૨૦૨૫ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં અરજદાર મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, કચેરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ કેશોદ મામલતદારની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં ગ્રાહકને એ.સી. રીપેરીંગનો ખર્ચ ચુકવી આપવ ફોરમ કોર્ટનો હુકમ

જૂનાગઢ તા.૯

જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કોર્ટ દ્વારા ગ્રાહકને એ.સી. રીપેરીંગનો થયેલ ખર્ચ ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ છે. આ અંગેની મળતી વિગત અનુસાર જૂનગઢના રહીશ કૈલાસબેન નરોતમભાઈ ચૌહાણએ ક્રઝર પ્રાઈવેટ લિમીટેડ મુંબઈ તથા સર્વીસ ઓન સર્વિસના માલીક નિમેશભાઈ વૈશ્નવ રહે. જૂનગઢ વિરૂધ્ધ તેઓની પાસેથી એ.સી. ખરીદ કરેલ અને તેઓનો સર્વિસની ખામી બાબતે ફરીયાદ કરેલ પરંતુ કંમ્પ્રેસરની ખામી દુર ન કરતા ખાનગીમાં કંમ્પ્રેસરની ખામી દુર કરાવતા તે અંગેનો થયેલ ખર્ચ રૂ.૪૫૦૦/- ૯ ટકા વ્યાજ સાથે અરજદારને ચુકવવા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કમિશન જૂનાગઢ દ્વારા હુકમ રાવમાં આવેલ છે. આ કેસમાં અરજદાર તરફે જૂનાગઢના એડવોકેટ કે.આર. પરીખ તથા એમ.એન. દવે રોકાયેલા હતા.

# હોટ બેડ્સની ઉપયોગીતા

**હોટ બેડ્સ (ગરમ ફ્રેમ્સ):–**

- હોટબેડ એ કાચ અથવા પ્લાસ્ટિકની ફ્રેમમાં બંધાયેલ માટીનો પલંગ છે.
- તેને ખાતર, વીજળી, વરાળ અથવા ગરમ પાણીની પાઈપો દ્વારા ગરમ કરવામાં આવે છે.
- હોટબેડ્સનો ઉપયોગ છોડને દબાણ કરવા અથવા પ્રારંભિક રોપાઓ ઉછેરવા માટે થાય છે.
- રોપાઓ માટે પુરવઠાના બહારના સ્ત્રોત પર આધાર રાખવાને બદલે, તમે તમારા પોતાના બગીચા માટે સૌથી યોગ્ય શાકભાજી અને ફૂલો ઉગાડી શકો છો.
- બીજને દરવાજાની બહાર વાવવાના અઠવાડિયા અથવા મહિના પહેલા ગરમ પથારીમાં શરૂ કરી શકાય છે.
- યોગ્ય સમયે હોટબેડ્સને સખ્તાઈ માટે ઠંડા ફ્રેમમાં રૂપાંતરિત કરી શકાય છે.
- હોટબેડ્સ એ નાની નીચી રચનાઓ છે, જેનો ઉપયોગ નિયંત્રિત પરિસ્થિતિઓમાં નર્સરી છોડના પ્રચાર માટે થાય છે.
- હોટબેડ્સનો ઉપયોગ આખા વર્ષો દરમિયાન થઈ શકે છે, સિવાય કે તીવ્ર શિયાળો હોય તેવા વિસ્તારો સિવાય, જ્યાં તેનો ઉપયોગ વસંત, ઉનાળો અને પાનખર સુધી પ્રતિબંધિત કરી શકાય છે.
- ગરમ પથારીનું બીજું સ્વરૂપ ગરમ, ઓછી પોલિથીન ટનલ અથવા સૂર્ય ટનલ છે જે હૂપ મેટલ ટ્યુબિંગ અથવા બેન્ટ પીવીસી પાઈપમાંથી બનાવવામાં આવે છે, જે પોલિઈથિલિનથી ઢંકાયેલી હોય છે.
- ગરમ ફ્રેમનું પ્રમાણભૂત કદ ૦.૯ બાય ૧.૮ મીટર છે.
- જો પોલિઈથિલિનનો ઉપયોગ આવરણ તરીકે થાય છે, તો કોઈપણ અનુકૂળ પરિમાણોનો ઉપયોગ કરી શકાય છે.
- ગરમ પથારીમાં નીચેની ગરમી પૂરી પાડવા માટે ગરમ પાણીના પુનઃ પરિભ્રમણ સાથે પ્લાસ્ટિક અને પીવીસી ટ્યુબિંગ તદ્દન સંતોષકારક છે.

**રૂટ (મૂળ) કટીંગ :**

- સકર ઉત્પાદન કરવા સક્ષમ છોડ મૂળ કાપવા માટે સારા છે.
- ફળના છોડ જેવા કે સફરજન, નાસપતી, જામફળ અને બીલ અને જંગલની પ્રજાતિઓ મૂળ કાપવાના પ્રચાર માટે યોગ્ય છે.
- સંપ્રસરણ માટે, ૨-૩ સે.મી. જાડાઈના મૂળ પસંદ કરવામાં આવે છે.
- કટીંગની લંબાઈ ૧૦ થી ૧૫ સે.મી. રાખવામાં આવે છે.
- સમશીતોષ્ણ ફળોમાં, મૂળ કાપવા ડિસેમ્બર દરમિયાન તૈયાર કરવામાં આવે છે.
- તૈયાર કટિંગને સ્ફગ્નમ મોસ અથવા ભેજવાળી રેતીના માધ્યમમાં કોલસિંગ માટે મૂકવામાં આવે છે જે વધુ સારી રીતે મૂળ આપે છે.
- કટીંગને જરૂરી હોર્મોનલ ટ્રીટમેન્ટ સાથે સીધું ખેતરમાં પણ વાવેતર કરી શકાય છે.
- ઉપ-ઉષ્ણકટિબંધીય છોડ માટે, વરસાદની ઋતુમાં કટીંગ તૈયાર કરવામાં આવે છે.
- કટીંગ તૈયાર કરતી વખતે, ત્રાંસી કટ સમીપસ્થ છેડે તૈયાર કરવામાં આવે છે અને મૂળના દૂરના છેડે ગોળ કટીંગ તૈયાર કરવામાં આવે છે.
- અખંડ મૂળમાં, પ્રૉક્સિમલ છેડો સ્ટેમ-રૂટ જંકશનની સૌથી નજીકનો છે અને સ્ટેમ રુટ જંકશનથી સૌથી દૂરનો છેડો દૂરનો છેડો છે.
- રૂટ કટીંગ પર આગમક કળીઓમાંથી અંકુર નીકળે છે અને કેમ્બિયમ પેશીમાંથી મૂળ બહાર આવે છે.

**બોટમ હીટ બોક્સ:–**

- આંબા અને જામફળ જેવા મુશ્કેલ-થી-મૂળ ફળના છોડમાં કાપવાના મૂળને પ્રોત્સાહન આપવા માટે આ એક સરળ બોક્સ છે.
- તેમાં ગેલ્વેનાઈઝ્ડ આયર્ન શીટમાંથી બનેલા બે ચેમ્બર હોય છે.
- બાહ્ય ચેમ્બર ૪૬ સે.મી. પહોળાઈ સાથે ૭૦ સે.મી. ની ઊંચાઈ ધરાવે છે અને અંદરની ચેમ્બર ૬૮ સે.મી. ની ઊંચાઈ અને ૪૪ સે.મી. પહોળાઈ ધરાવે છે.
- ગરમીના ઈન્સ્યુલેશન માટે બે ચેમ્બર વચ્ચેની જગ્યા કાચની ઊનથી ભરેલી છે.
- કટીંગને ગરમી પૂરી પાડવા માટે તળિયે બે ઈલેક્ટ્રીક બલ્બ સાથે ૩૫ સે.મી. ની ઉંચાઈ સાથે અંદરની ચેમ્બરની અંદર બીજી ચેમ્બર ફીટ કરવામાં આવી છે.
- સૌથી અંદરની ચેમ્બર માટીના મિશ્રણ અથવા અન્ય પ્રચાર માધ્યમથી ફીટ કરવામાં આવે છે અને તેમાં કટીંગ નાખવામાં આવે છે.
- કટીંગને ગરમી અને પ્રકાશ આપવા માટે ચેમ્બરના તળિયે ૧૦૦ વોટની ક્ષમતાના બે ઈલેક્ટ્રિક બલ્બ ફીટ કરવામાં આવ્યા છે.

**કટીંગના મૂળને પ્રભાવિત કરતું પરિબળ:–**

૧. માતા છોડની શારીરિક સ્થિતિ, ૨. કિશોરાવસ્થાના પરિબળો, ૩. લાકડાનો પ્રકાર, ૪. પાંદડા અને કળીઓની હાજરી, ૫. વાયરસની હાજરી, ૬. કટિંગમાં બેસલ કટની સ્થિતિ, ૭. સિઝન,

૮. કાપવાની સારવાર- વૃદ્ધિ નિયમનકારોનો ઉપયોગ, ખનિજ પોષક તત્વો, ફૂગનાશકો, ઈટીઓલેશન સારવાર,

૯. પર્યાવરણીય પરિસ્થિતિઓ- પાણીની સ્થિતિ, તાપમાન, પ્રકાશ, મૂળિયાનું માધ્યમ વગેરેનો સમાવેશ થાય છે.

**૧. ભારાઈ રાધિકા અતુલભાઇ**
Ph. D. (Horti.) વેજીટેબલ સાયન્સ,બાગાયત મહાવિધાલય, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, જગુદણ- ૩૮૪ ૪૬૦
**૨. બાંભણીયા કિંજલ કે.**
M. Sc. (Horti.) વેજીટેબલ સાયન્સ, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી- ૩૯૪ ૭૩૦

# અમેરિકાના સાંસદે અદાણીસામે તપાસના બિડેન વહીવટી તંત્રના નિર્ણયને પડકાર્યો



અમદાવાદ, તા. ૯

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમની કંપનીઓની પ્રવૃત્તિઓ તપાસ કરવાના યુએસ વહીવટીતંત્રના નિર્ણયને રિપબ્લિકન સાંસદે પડકાર્યો છે. સાંસદનું કહેવું છે કે આવા પસંદગીનાનિર્ણયોને કારણે યુએસના મહત્વપૂર્ણ ભાગીદારોને નુકસાન થવાનો ભય છે.તેમણે બાઈડન અને અમેરિકી વહીવટીતંત્રને લગતા અનેક વિષયો અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે.

હાઉસ જ્યુડિશિયરીના મેમ્બર કોંગ્રેસમેન લાન્સ ગુડને આ મામલે યુએસ એટર્ની જનરલ મેરિક બી. ગારલેન્ડને આકરા શબ્દોમાં પત્ર લખ્યો છે. જેમાં તેમણે ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) પાસેથી વિદેશી સંસ્થાઓ સામેની પસંદગીયુક્ત કાર્યવાહી અને તેમાં અમેરિકાના વૈશ્વિક સબંધોતેમજ આર્થિક વિકાસને સંભવિત નુકસાન પહોંચાડતા સવાલોના જવાબો માંગ્યા છે. પ્રશ્ન એ પણ પૂછવમાં આવ્યો કે આ મામલામાં જ્યોર્જ સોરોસ સાથે શું સંબંધ છે?. ૭મી જાન્યુઆરીએલખેલા પત્રમાં ગુડને લખ્યુ હતું કે ન્યાય વિભાગ દ્વારા કરવામાં આવેલાપસંદગીનાકાર્યો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં અમેરિકાના સૌથી મજબૂત સહયોગીઓ પૈકી એકભારત સાથેના મહત્વપૂર્ણ સબંધોને નુકસાન પહોંચાડવાસમાન છે.’અફવાઓ અને અમેરિકાના હિતો સાથે કોઈ લેવાદેવા ન હોય તેવા કેસોને આગળ ધપાવવાને બદલેન્યાય વિભાગે સ્થાનિક મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

પાંચ ટર્મથી રિપબ્લિકન સાંસદ એવા ગુડને કહ્યું હતું કે અમેરિકામાં લાખો ડોલરનું રોકાણ કરતી અને હજારો નોકરીઓ ઉભી કરતી કંપનીઓને નિશાન બનાવવાથી અમેરિકાને લાંબા ગાળે નુકસાન જ થશે. તેમણે કહ્યું કે આપણે હિંસક અપરાધો, આર્થિક જાસૂસી અને સીસીપીથી ઉદભવતા જોખમોને છોડી આર્થિક વિકાસમાં યોગદાન આપતા લોકોની પાછળ પડીએ છીએ, તે આપણા દેશમાં રોકાણ કરનારાઓ માટેનિરાશાજનક છે તેમણે ઉમેર્યુ હતું કે રોકાણકારો માટે અપ્રિય અને રાજકારણ પ્રેરિત વાતાવરણ અમેરિકાના ઔદ્યોગિક આધાર અને આર્થિક વૃદ્ધિના પ્રયાસોને અવરોધશે. વળીતે રોકાણ વધારી અર્થતંત્રને પુનઃનિર્માણ કરવાની રાષ્ટ્રપતિ ટ્રમ્પની પ્રતિબદ્ધતાને નબળી પાડશે.

ગુડને કહ્યું કે આ નિર્ણયો એવા સમયે લેવામાં આવી રહ્યા છે જયારે બિડેન વહીવટનો કાર્યકાળસમાપન નજીક છે, તે સ્પષ્ટપણે દર્શાવે છે કે તેનો એકમાત્ર હેતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે અવરોધો ઉભો કરવાનો છે.તેમણે કહ્યું કે હજારો માઈલ દૂર વિદેશમાં લાંબી અને રાજકીય પ્રેરિત પ્રવૃત્તિઓ પર કરદાતાઓના નાણાં ખર્ચવાને બદલે, વિભાગે અમેરિકન લોકોની વધુ સારી સેવા માટે વહીવટીતંત્ર સાથે સહયોગ કરવો જોઈએ. ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પનાશપથગ્રહણના બે અઠવાડિયા પહેલા લખાયેલા આ પત્રમાં ગુડને કહ્યું હતું કે અમેરિકાની ભૌગોલિક રાજકીય શ્રેષ્ઠતા સામે વધુ ગૂંચવણો ઊભી ન કરવાનીતમારી ફરજ છે. તેઓ લખે છે કે આપણો દેશ ટ્રમ્પના નેતૃત્વમાં નવા યુગમાં પ્રવેશી રહ્યો છે, અમેરિકનોને આશા છે કે તે સમૃદ્ધિ, વૃદ્ધિ, આર્થિક પુનર્વૃદ્ધિઅને રાજકીય સ્વતંત્રતાના પુનરુત્થાનનું પ્રતીક બની રહેશે. ગુડન લખે છે કે અદાણી કેસમાં આરોપો સાચા સાબિત થાય તો પણ તેઓ અમને આ મામલે યોગ્ય અને અંતિમ મધ્યસ્થી બનાવવામાં નિષ્ફળ જશે. ગુડને લખ્યું, ’આ ’લાંચ’ કથિત રીતે એક ભારતીય કંપનીના ભારતીય અધિકારીઓ દ્વારા ભારતમાં ભારત સરકારના અધિકારીઓને આપવામાં આવી હતી, જેમાં અમેરિકન પક્ષની કોઈ નોંધપાત્ર સંડોવણી નથી.’ તેમણે પૂછ્યું હતું કે શું આ તથાકથિત ભ્રષ્ટાચારમાં કોઈ અમેરિકન સામેલ નથી? જયારે કથિત ગુનાહિત કૃત્યો અને તેમાં સામેલ પક્ષકારો ભારતમાં છે ત્યારે ન્યાય વિભાગ ગૌતમ અદાણી સામે આ કેસ શા માટે લાવ્યા છે? શું તમે ભારતમાં ન્યાયનો અમલ કરવા માંગો છો?

શું ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ (DOJ) આ કેસમાં સામેલ ભારતીય અધિકારીઓના પ્રત્યાર્પણની માંગ કરશે? જો ભારત પ્રત્યાર્પણની વિનંતીનું પાલન કરવાનો ઈનકાર કરે અને કેસ પર એકમાત્ર અધિકારક્ષેત્રનો દાવો કરે તો ડ્ઢર્ંત્નની યોજના શું છે? શું ડ્ઢર્ંત્ન અથવા બિડેન વહીવટીતંત્ર આ કેસને યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત જેવા મહત્વપૂર્ણ મિત્ર વચ્ચેની આંતરરાષ્ટ્રીય ઘટના બનાવવા માંગે છે ?.

# ખંભાળિયા કલેક્ટર કચેરી ખાતે કરાર આધારીત કાયદા સલાહકારની નિમણૂંક કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અગિયાર માસની મુદત માટે કરાર આધારીત કાયદા સલાહકારની એક જગ્યા માટે નિમણૂંક કરવાની હોવાથી આ અંગે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં અરજદારની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવી જોઈએ નહી. અરજદાર કાયદાની ડીગ્રી કે માન્ય યુનિવર્સિટી દ્વારા એચ.એસ.સી. બાદ કાયદાનો પાંચ વર્ષનો અભ્યાસક્રમ પાસ કરેલ હોવાની ડીગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એક્ટ મુજબ માન્ય કાયદાની ડીગ્રી, નિયમાનુસાર કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનું જ્ઞાન, ગુજરાતી અન અથવા હિન્દીનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. અરજદારને હાઈકોર્ટ કે હાઈકોર્ટના તાબા હેઠળની કોર્ટમાં એડવોકેટ/એટર્ની/સરકારી વકીલ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ, અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા કે સરકાર હસ્તકના બોર્ડ, નિગમ કે કંપનીમાં કાયદાકીય બાબતોનો પાંચ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.

ઉમેદવાર ગુજરાતીમાં બોલી, વાંચી અને લખી શકે તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરી શકે તે મુજબનું જ્ઞાન હોવું જોઈએ. અનુભવ અંગેના તેમજ ઉપર મુજબના ભાષાજ્ઞાન અંગે પ્રમાણપત્ર ઉમેદવારે જ્યાં પ્રેક્ટીસ કરેલ હોય તે રજીસ્ટ્રાર જનરલ હાઈકોર્ટ, હાઈકોર્ટના તાબા હેઠળની કોર્ટના પ્રિન્સિપાલ જ્યુડીશિયલ ઓફીસર, સંબંધિત જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ કે સંબંધિત સીટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજ, કે સરકાર હસ્તકના બોર્ડ કે નિગમ, અથવા કાયદા હેઠળ સ્થપાયેલ કંપનીના કચેરીના વડા દ્વારા પ્રમાણિત કરેલા હોવા જોઈએ. પગાર માસિક રૂા. ૬૦ હજાર ફિક્સ રહેશે. આ સિવાયની અન્ય બોલીઓ, શરતો, બજાવવાની સામાન્ય ફરજો અને જવાબદારીની વિગતો કચેરીના નોટીસ બોર્ડ અથવા આ કચેરીની મેજીસ્ટ્રીયલ શાખામાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં જોઈ શકાશે.

આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ કલેક્ટર કચેરીની મેજીસ્ટ્રીયલ શાખામાંથી કચેરી સમય દરમ્યાન (રજાના દિવસો સિવાય) અરજી ફોર્મ મેળવી તથા અરજીમાં જણાવ્યા મુજબના આધારો સામેલ રાખી અરજીઓ મોડામાં મોડી તા. ૬ ફેબ્રુઆરી સુધીમાં કચેરી સમય સુધીમાં રજી.એડી. અથવા કુરીયરથી "કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, દેવભૂમિ દ્વારકા, જિલ્લા સેવા સદન, પ્રથમ માળ, લાલપુર બાયપાસ રોડ, ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકા, પીન કોડ- ૩૬૧૩૦૫" ને મોકલી આપવાની રહેશે. અરજી પત્રક તથા કવરના મથાળે "કરાર આધારીત કાયદા સલાહકારની જગ્યા માટેનું ઉમેદવારી પત્ર" તેમ મોટા અક્ષરે લખવાનું રહેશે. સમયમર્યાદા પછી આવેલ અરજીઓ તથા અધૂરી વિગતવાળી તથા આધાર-પુરાવા વગરની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં. અરજીઓની પ્રાથમિક ચકાસણી કરી અપુર્ણ/અમાન્ય અરજીઓ દફતરે કરવામાં આવશે. માન્ય રહેલ અરજીઓના અરજદારોને નિયત તારીખે ઈન્ટરવ્યું માટે હાજર રહેવા જાણ કરવામાં આવશે. ઈન્ટરવ્યુ માટે તેઓએ સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય, સ્થળે હાજર રહેવાનું રહેશે. ભરતીની જાહેરાત તથા અરજી પત્રક વેબસાઈટ https://collectordwarka.gujarat.gov.in/ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે તેમ દેવભૂમિ દ્વારકા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ધનુર્માસ ઉત્સવની ઉજવણી-દ્વારકામાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

દ્વારકાધીશ જગતમંદિરમાં હાલમાં ચાલતા ધનુર્માસની તૃતીય તિથિની ઊજવણી ચાલી રહી હોય, તે દરમ્યાન મંગળવારે સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે શ્રીજીને ઠંડીથી બચવા વિશેષ શૃંગાર વાઘા સાથે ઠાકોરજીના એક ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી - શ્રીજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો.

શ્રીજીના આ દિવ્ય દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમથી પણ લાખો કૃષ્ણ ભકતોએ આ દિવ્ય દર્શનને નિહાળ્યા હતા.

**ધનુર્માસની કાતીલ ઠંડીમાં દ્વારકાધીશ સમીપ અંગીઠી**

હાલમાં ચાલતી શીત ઋતુમાં મંગળવારે દ્વારકાધીશ જગતમંદિરમાં ધનુર્માસ ઉત્સવ ઉજવાઈ રહ્યો હોય વહેલી સવારે ૫:૩૦ વાગ્યે મંગલા આરતી સાથે દર્શન ખૂલ્યા હતા.

કાતીલ ઠંડીમાં ઠાકોરજીના ચરણો સમીપ ઠંડીથી બચવા અંગીઠી મૂકવામાં આવી હતી અને ઉષ્ણતા આપવાનો ભાવ વ્યકત કરવામાં આવ્યો હતો. આટલી ઠંડી છતાં મંગલા આરતીથી જ જગતમંદિરમાં ભાવિકોની વ્યાપક ભીડ જોવા મળી હતી.

# જૂનાગઢ અને સોરઠ પંથકમાં શિત લહેર : ઠંડો પવન ફુંકાયો

## આગામી તા.૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ૮થી ૧૦ ડિગ્રી તાપમાન રહેશે : હવામાન વિભાગની આગાહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯


જૂનાગઢ સહિત સમગ્ર સોરઠ પંથકમાં શિત લહેર વ્યાપેલી છે અને ઠંડો પવન પણ ફુંકાવાના કારણે ઠંડીની તિવ્રતામાં વધારો થયો છે. જેને લઈને જનજીવન ભારે પ્રભાવિત બન્યું છે. દરમ્યાન ગઈકાલે બુધવારે જૂનાગઢ સહિત સોરઠમાં એક જ દિવસમાં ૬.૬ ડિગ્રી ઠંડી વધીને ૮.૪ ડિગ્રી થઈ જતા સીઝનનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. છેલ્લા બે દિવસથી તાપમાનમાં વધઘટ થઈ રહી છે. સોમવારે રાત્રિનું તાપમાન ૧૬.૮ ડિગ્રી રહ્યા બાદ મંગળવારની રાત્રે ૬.૨ ડિગ્રી ઘટીને ૧૦.૬ ડિગ્રી થઈ જતા ગત રાતથી ઠંડીમાં વધારો થયો હતો. અને મંગળવારની સરખામણીએ બુધવારની સવારે ૬.૬ ડીગ્રી ઘટીને સિઝનનું સૌથી નીચું ૮.૪ ડિગ્રી તાપમાન નોંધાવ્યું હતું. જ્યારે ભવનાથ તળેટીમાં તાપમાનનો પારો ૫.૪ ડિગ્રીએ સ્થિર થયો હતો. જેના પગલે જુનાગઢ અને સોરઠ પ્રદેશમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. ઠંડીમાં ઓચિંતો વધારો થવાની સાથે સવારના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા રહેતા ધુમ્મસનું પણ આક્રમણ થયું હતું. અને સવારથી ૭.૫ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફૂંકાતા કાતિલ ઠંડી વધુ તીવ્ર બની હતી. અને આખો દિવસ વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું. મંગળવારે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિગ્રી રહ્યા બાદ બુધવારે બપોરનું તાપમાન ૨.૧ ડિગ્રીના વધારા સાથે ૨૮.૬ ડિગ્રી થઈ ગયું હતું. મહત્તામ તાપમાન વધવાની સાથે બપોરના વાતાવરણમાં ૨૭ ટકા ભેજ રહ્યો હતો. એક




દિવસમાં સવારે ૬.૬ ડિગ્રી ઠંડી વધતા જનજીવન ઠુઠવાઈ ગયું હતું. શનિવાર લઘુતમ ૧૪.૨ મહતમ ૨૮.૬ ડિગ્રી, રવિવાર લઘુતમ ૧૬.૬ મહતમ ૨૫.૪ ડિગ્રી, સોમવાર લઘુતમ ૧૪.૯ મહતમ ૨૫ ડિગ્રી, મંગળવાર લઘુતમ ૧૫ મહતમ ૨૬.૫ ડિગ્રી, બુધવાર લઘુતમ ૮.૪ મહતમ ૨૮.૬ ડિગ્રી રહ્યું હતું. અત્રે નોંધનીય છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે તાપમાનમાં ધરખમ ઘટાડો થતાં જૂનાગઢનું લઘુત્તમ તાપમાન ૮.૪ ડીગ્રી નોંધાયું હતું. હજુ ત્રણ દિવસ કાતિલ ઠંડીનું જોર રહેશે. બાદમાં ઠંડીથી આંશિક રાહત રહેશે. બાદમાં આગામી તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ૮ થી ૧૦ ડિગ્રી તાપમાન રહેશે. જેથી લોકોએ ફરી ઠંડીનો સામનો કરવો પડશે તેમ હવામાન વિભાગના નિષ્ણાંત ધીમંત વઘાસિયાએ જણાવ્યું હતું.

# જૂનાગઢ શહેર જીલ્લામાં મકરસંક્રાંતિ પર્વની ઉજવણી માટે ભારે ઉત્સાહ

## આકર્ષક અને વિવિધ પ્રકારની પતંગોથી બજાર ભરાયું : પતંગ ઉડાવવા માટેનાં સ્પેશ્યલ દોરાને માંજો પાવાની જોશભેર કામગીરી : પતંગબાજો પેચ લડાવવા માટે સજજ



જૂનાગઢ તા. ૯

જૂનાગઢ સહીત સોરઠ અને સૌરાષ્ટ્ર ભરમાં આગામી મકરસંક્રાંતિનાં પર્વને ઉત્સાહભેર ઉજવવા તેમજ ખાસ કરીને પતંગનાં પેચો લડાવવા માટે બાળકોથી લઈ યુવા વર્ગ સૌ કોઈ સજજ બની ગયા છે. બજારોમાં આકર્ષક પતંગોનું વેંચાણ થઈ રહયું છે. તેમજ પતંગ ઉડાવવા માટેનાં ખાસ પ્રકારનાં દોરા ઉપર માંજો ચડાવવા માટેની કામગીરી પણ ચાલી રહી છે.

દેશભરમાં મકરસંક્રાંતિનાં પર્વને ખુબ જ ઉત્સાહભેર મનાવવામાં આવે છે. રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, નડીયાદ સહીતનાં શહેરોમાં લોકો સવારથી જ પતંગો ઉડાવવાની મોજ માણે છે. અને આકાશ પતંગોથી ભરાઈ જાય છે. છેલ્લા કેટલાક વર્ષો થયા જૂનાગઢ અને સોરઠ પંથકમાં પ મકરસંક્રાંતિ પર્વે લોકો પતંગ ઉડાડવાની મોજ માણે છે. શરૂઆતનાં વર્ષોમાં સાનુકુળ પવન ન હોવાનાં કારણે પતંગ ઉડાવવામાં ખુબ જ મુશ્કેલી પડતી હતી. પરંતુ હવે પાછલા વર્ષોમાં હવામાન પણ સાનુકુળ રહેવાનાં કારણે લોકો પતંગ ઉડાડવાનો આનંદ માણે છે. મકરસંક્રાંતિ પર્વ એક તરફ આકાશમાં રંગબેરંગી પતંગ ઉડાવવા માટેની મોજ માણવાનો દિવસ છે તો બીજી તરફ દાન પૂણ્ય અને ધર્મકાર્ય કરવાનું પણ મહત્વનું પર્વ હોય આ દિવસે લોકો પૂણ્ય કાર્ય પણ કરે છે. શિયાળાની આ ૠતુમાં મકરસંક્રાંતિનાં પર્વ દરમ્યાન બજારોમાં તલ સાકળી, તલની ચીકી, ખજુર પાક, દાળીયા પાક સહીતની ગોળ અને ખાંડની બનાવટોની સાની પણ ખરીદી કરતા હોય છે. અને તલના લાડુ, મમરાનાં લાડુનું પણ ઘરે બનાવી અને દાન કરતા હોય છે. સેવાકીય સંસ્થાઓ દ્વારા પણ મકરસંક્રાંતિનાં પર્વે જુદા જુદા સેવાનાં કાર્યો થતા હોય છે. ખાસ કરીને મકરસંક્રાંતિનું આ પર્વ નાના મોટા સૌ કોઈનાં માટે ખુબ જ મહત્વનું બની રહે છે. મકરસંક્રાંતિનાં આ પર્વે લોકો પતંગ ઉડાવવાનો પણ આનંદ માણતા હોય છે. મકરસંક્રાંતિ પર્વ આડે ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે ત્યારે જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારોમાં પતંગ વેંચાણનાં સેન્ટરો ઉપરાંત બજારોમાં પણ આકર્ષક પતંગ આવી ગઈ છે. અને રૂા. ૫૦થી લઈ રૂા. ૫૦૦ ઉપરાંતની વિવિધ પ્રકારની આધુનિક અને આકર્ષક પતંગ જોવા મળી રહી છે. પતંગ ઉડાવવા માટે દોરી અને માંજો પાવાની કામગીરી પણ જોશભેર ચાલી રહી છે. મકરસંક્રાંતિનાં દિવસે લોકો સવારથી જ સાનુકુળ પવન હોય કે ન હોય પોતપોતાનાં મકાનનાં ધાબા, ખુલ્લા મેદાનો વગેરેમાં જતા હોય છે અને ત્યાં પતંગ ઉડાડવાની મોજ માણે છે. દરેક વયનાં લોકો પતંગનો આનંદ માણે છે. દિવસભર પતંગ ઉડાવ્યા બાદ રાત્રીનાં પાર્ટીનાં કાર્યક્રમો પણ થતાં હોય છે અને સ્પેશ્યલ ઉંધીયાનાં કાર્યક્રમો પણ થતા હોય છે. આગામી તા. ૧૪ જાન્યુઆરીનાં રોજ મકરસંક્રાંતિનું પર્વ આવી રહયું છે ત્યારે આ પર્વને ઉજવવા ભારે ઉત્સાહ પ્રવર્તી રહયો છે.

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

અપીલ :–

આ સંદેશાનું પણ ખાસ ધ્યાન




# હેન્ડ બોલ (મહિલા) સ્પર્ધામાં એસઈટી મહિલા કોલેજ જૂનાગઢની ટીમ રનર્સ અપ



જૂનાગઢ, તા.૯ ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર કોલેજ હેન્ડ બોલ (મહિલા) સ્પર્ધા એન.પી. આટર્સ એન્ડ કોમર્સ કોલેજ કેશોદ ખાતે તા.૭/૧/૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત મહિલા આટર્સ, કોમર્સ, બીબીએ, બીસીએ એન્ડ સાયન્સ કોલેજ-જૂનાગઢની ટીમ રનર્સ અપ થઈ હતી, જે બાબતે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટશ્રી લક્ષ્મણભાઈ પીઠીયા, પ્રિન્સીપાલ ડો.હાર્દિક બી.ભટ્ટ, તેમજ સર્વે સ્ટાફે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી.

## કેશોદમાં ડ્રાઈવરે આઈસર લઈ વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદમાં ડ્રાઈવર તરીકે વાહન હાંકતા શખ્સે ૮ મહિના રેગ્યુલર ફેરાઓ કરી વિશ્વાસ જીતી આઈસર લઈ જઈ વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે જલ્પાબેન સંજયભાઈ તૈરયાએ હાજાભાઈ ડી.પીઠીયા રહે.નગીચાણા, માંગરોળવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી આઠ માસથી ડ્રાઈવર તરીકે ફરીયાદીનું વાહન ચલાવતા હોય અને ફરીયાદીનું વાહન ભાડા અર્થે ગુજરાત તથા રાજસ્થાન સહિતના રેગ્યુલર બહારના ફેરાઓ કરતા હોય અને ફરીયાદીનું વિશ્વાસ જીતી તેમનું આઈસર નં.જીજે-૦૬- એયુ-૦૭૩૩ કિ.રૂા. ૯,૫૦,૦૦૦વાળુ લઈને ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદમાં સીંગાપુર જવાના વીઝા કઢાવી આપવાનો વિશ્વાસ અપાવી રૂા.૫ લાખની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદમાં સીંગપુર જવાના વીઝા કઢાવી આપવાના વિશ્વાસમાં લઈ રૂા.૫ લાખની છેતરપીંડી કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે સુરભીબેન રાજેશભાઈ સીનોજીયાએ રૂત્વીક રમેશભાઈ પટેલ અને રીતીકાબેન ચંદ્રકાતભાઈ સુર્યવંશી રહે.બંને અમદાવાદવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદીને સીંગાપુર જવાના વીજા કઢાવી આપવાના વિશ્વાસમાં લઈ ફરીયાદીએ રકમ રૂા.૫,૫૨,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરી આપતા વીઝા અપવેલીડ કરી ફરીયાદીને અમુક રકમ પરત આપી રૂા.૫ લાખની છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાવતા કેશોદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભેંસાણના ખંભાળીયા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૯ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

ભેંસાણ પોલીસ ખંભાળીયા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૯ જુગારીઓને ૧.૩૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ભેસાણ પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન ખંભાળીયા ગામની સીમમાંથી જાહેરમાં જુગાર રમતા રવજી મંગાભાઈ કુનપરા, ઘનશ્યામભાઈ ડાયાભાઈ રાઠોડ, ભાવેશભાઈ સામજીભાઈ ગુજરાતી, રઘુભાઈ અરજણભાઈ રામાણી, રમેશભાઈ બાબુભાઈ રાઠોડ, ગીરધરભાઈ ભાયાભાઈ ગુજરાતી, હિમતભાઈ કડવાભાઈ ભુવા, વિઠ્ઠલભાઈ રવજીભાઈ ભુવા, કાનાભાઈ મગનભાઈ ચાવડાને ૪૨૫૦૦ રોકડ સહિત ૫ મોટર સાયકલ મળી કુલ રૂા.૧,૩૨,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ભેંસાણ પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડયુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફનિર્ચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર – સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી
સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ–મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ–૨, ત્રીજે માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital
e_mail : aum.ayurved.hospital@gmail.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો
Chilli Powder
TURMERIC POWDER